નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :29 OCTOBER 2024 | TUESDAY | Page :8 | Year : 2 | Issue :180 | Price: 2/-




## નવા વિકાસ પ્રોજેક્ટ લોક જીવનને આસાન બનાવીને વિકાસને નવી ગતિ આપશેઃ વડાપ્રધાન મોદી



### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમરેલીથી સૌરાષ્ટ્રને દિવાળીના પર્વ પૂર્વે રૂ. ૪૮૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ

અમરેલી તા.૨૮

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી ખાતેથી ધનતેરસની પૂર્વસંધ્યાએ રૂપિયા ૪૮૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા જણાવ્યું હતું કે, નવા વિકાસ પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના જીવનને આસાન બનાવશે અને વિકાસને નવી ગતિ આપશે. પરમેશ્વરની પ્રસાદી સમાન પાણી માટે પુરુષાર્થ કરનારા ગુજરાતના સામર્થ્યને પ્રેરણા રૂપ બતાવી વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમના મંત્ર સાથે ગુજરાત સરકારના જન ભાગદારીના આયામોથી ખેડૂતો સમૃદ્ધ થવાની સાથે પ્રવાસન વિકાસ અને રોજગારીનું પણ સર્જન થશે.

વડાપ્રધાનશ્રીએ અમરેલી જિલ્લાના લાઠી નજીક દુધાળા ગામે ગાગડીઓ નદીને પુનઃજીવીત તથા તળાવોનું નિર્માણ કરીને સરકારના જનભાગીદારી અભિગમની સાથે રહીને જળસંચય માટે કાર્યો કરનાર ધોળકિયા ફાઉન્ડેશનની કામગીરીની નોંધ લીધી હતી.વડાપ્રધાને આ સંદર્ભમાં ગુજરાતના પાણી માટેના પુરુષાર્થને યાદ કરીને જણાવ્યું હતું કે, ગુજરાતે ભૂતકાળમાં પાણી માટે સંઘર્ષ કર્યો છે, પણ આજે નર્મદા માતા ગુજરાતની પરિક્રમા કરીને ગુજરાતને સમૃદ્ધ કરી રહી છે.



## દિપોત્સવી પર્વે અયોધ્યા સોળે શણગાર સર્જશે

અયોધ્યા,તા.૨૮

દિપોત્સવી પર્વ નિમિતે રામનગરીને સજાવવાની તૈયારી શનિવારથી જ શરૂ થઈ ગઈ છે. અવધ યુનિવર્સીટીના ૭ હજાર વોલીયેટર્સ પહેલા દિવસે જ પાંચ લાખ દિવા ઘાટો પર સજાવી દીધા છે. રવિવારથી પૂરા ૩૦ હજાર વોલીયેન્ટર્સ ૫૫ ઘાટો પર ૨૮ લાખ દિવા સજાવવા માટે મોકલવામાં આવશે. દિવાને સજાવ્યા બાદ તેની સુરક્ષાની જવાબદારી ૩૦ ઓકટોબર સુધી નિભાવવાની જવાબદારી સુરક્ષા સમિતિને સોંપવામાં આવી છે. આ ઉપરાંત રામમંદિરે જતા માર્ગ પર ચાર ગેટ બનાવાશે. આ ગેટને સજાવવા માટે ૧૦ કિવન્ટલ ફૂલ મંગાવવામાં આવ્યા છે. યુનિવર્સીટીનાં દિપોત્સવ સમન્વયક ડો.સંતશરણમિશ્રે જણાવ્યુ હતું કે રવિવારે સરસવના તેલની ૬૮ હજાર બોટલો પર ઘાટો પર પહોંચાડવામાં આવશે.૨૮ ઓકટોબર સુધીમાં ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ સજાવાયેલા દિવાની ગણતરી કરશે. તેમાં ૨૫ લાખ દિવાને પ્રગટાવવાનો વિશ્વ રેકોર્ડ થશે.૩૦ ઓકટોબરે સવારથી સાંજ સુધીમાં દિવામાં તેલ અને વાટ નાખવાથી કામ પુરૂ કરી સાંજે ૨૮ લાખ દિવાને પ્રગટાવવામાં આવશે.

## કાશ્મીરમાં વધુ એક ત્રાસવાદી હુમલો; સૈન્ય વાહન પર અંધાધુંધ ગોળીબારઃ સર્ચ ઓપરેશન

શ્રીનગર તા.૨૬

કાશ્મીરમાંથી નવી સરકારના ગઠન પછી પ્રવર્તમાન દિવાળીના તહેવારોમાં પણ ત્રાસવાદી હુમલાનો સિલસિલો જારી રહ્યો હોય તેમ આતંકવાદીઓએ આજે ફરી ત્રાટકીને સૈન્ય વાહનને નિશાન બનાવ્યુ હતું. સૈન્ય વાહન પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ત્રાસવાદીઓને ઝડપવા સમગ્ર વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.સૈન્ય સુત્રોએ જણાવ્યું હતું કે આજે વહેલી સવારે સાત વાગ્યાના અરસામાં ત્રાટકેલા ત્રણ આતંકવાદીઓએ અખનુરનાં



શિવમંદિર પાસે બટુલ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા સૈન્ય વાહનોને નિશાન બનાવીને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદ તેઓ આસપાસના જંગલ વિસ્તારમાં ફરાર થઈ ગયા હતા.

ત્રાસવાદી હુમલાનાં આ બનાવમાં કોઈ જાનખુવારી થઈ ન હતી. સૈન્યની ૩૨ ફીલ્ડ રેજીમેન્ટનાં જવાનો તથા કાશ્મીર પોલીસ દ્વારા સંયુકત રીતે સમગ્ર વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. કાશ્મીરમાં કેટલાંક દિવસોથી ત્રાસવાદી હુમલામાં વધારો થયો છે. બાંધકામ કેમ્પ પર તબીબ સહીત સાત લોકોની હત્યા ઉપરાંત અથડામણમાં ચાર જવાન પણ શહીદ થયા હતા.આ સિવાય પણ કેટલાંક બનાવો બન્યા હતા.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# યુદ્ધથી ઈઝરાયલ, ગાઝા, ઈરાનમાં લોકોમાં આક્રોશ



હમાસના કબજા હેઠળના ગાઝા સ્ટ્રીપમાં લોકો છેલ્લાં કેટલાંક વરસોથી શાંતિથી રહેતાં હતાં ત્યાં હમાસના આતંકીઓએ ઈઝરાયલ પર હુમલો કરીને આ શાંતિને ડહોળી નાંખી. ઈઝરાયલે પોતાના નાગરિકોની હત્યાનો બદલો લેવા ગાઝા સ્ટ્રીપમાં કરેલા બોમ્બ મારામાં ૪૨ હજાર લોકો માર્યા ગયાં છે. બિનસત્તાવાર રીતે મૃતકોની સંખ્યા અઢી લાખની આસપાસ હોવાનું કહેવાય છે. ગાઝા સ્ટ્રીપમાં અંદર જઈ શકાય એવી હાલત નથી તેથી હજારો મૃતદેહો બોમ્બમારાનો ભોગ બનેલી ઈમારતોના કાટમાળ નીચે દટાયેલા છે. બિનસત્તાવાર આંકડાને સાચો માનીએ તો ગાઝા સ્ટ્રીપની ૧૦ ટકાથી વધારે વસતીનો સફાયો થઈ ગયો છે.

ઈઝરાયલ અને હમાસ સહિતનાં કટ્ટરવાદી મુસ્લિમ સંગઠનો વચ્ચે ચાલી રહેલા યુધ્ધને એક વર્ષ પૂરું થઈ ગયું છે. આ યુધ્ધનો ક્યારે અંત આવશે એ નક્કી નથી ત્યારે યુદ્ધમાં સપડાયેલાં પ્રદેશનાં લોકોમાં ભયંકર આક્રોશ છે. રાજકારણીઓ પોતાના અહંકાર અને તુચ્છ રાજકીય હિતો તેમજ સત્તાલાલસાને સંતોષવા માટે યુદ્ધને લંબાવી રહ્યા છે અને લોકોની હાલત કફોડી કરી નાંખી છે એવી લાગણી બળવત્તર બનતી જાય છે.

ઈઝરાયલમાં તો યુદ્ધના એક વર્ષ પૂરું થવા નિમિત્તે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં વડાપ્રધાન નેતાન્યાહુ ભાષણ આપતા હતા ત્યારે લોકોએ 'શેમ ઓન યુ'નાં સૂત્રો પોકારતાં નેતાન્યાહુએ ભાષણ છોડીને ભાગવું પડ્યું હતું. યહૂદી પ્રજા અત્યંત લડાયક મનાય છે. પોતાના દેશ પર થતા હુમલા સામે એક થઈને લડવા માટે જાણીતી પ્રજા યુદ્ધ સામે આક્રોશ ઠાલવે તેનો અર્થ એ થયો કે, યુધ્ધના નામે ચાલી રહેલી રાજરમતને પ્રજા સમજી ગઈ છે.

હમાસ સામે ગાઝા સ્ટ્રીપમાં એવો જ ભયંકર આક્રોશ છે. લોકોના ડરથી હમાસના નેતા ગાઝા સ્ટ્રીપમાં જઈ નથી રહ્યા. ઈરાનમાં શિયા નેતા આયાતોલ્લાહ ખામનેઈ સર્વોચ્ચ નેતા મનાય છે. હમાસે ઈઝરાયલ પર કરેલા હુમલા સાથે ઈરાનને સીધો નાહવા નિચોવવાનો સંબંધ નહીં હોવા છતાં ઈઝરાયલને પાઠ ભણાવવા ઈરાન યુદ્ધમાં કૂદી પડીને ખુવારી વહોરી રહ્યું છે તેની સામે ઈરાનમાં પણ આક્રોશ છે. ઈરાનની પ્રજા પણ સોશિયલ મીડિયા પર ખામનેઈ સામે લોકો આક્રોશ ઠાલવી રહ્યા છે. આ આક્રોશથી ડરેલા ખામનેઈ સર્વોચ્ચ વડાપદેથી ખસી જવા વિચારી રહ્યા હોવાનું કહેવાય છે.

ઈઝરાયલ, ઈરાન, ગાઝા સ્ટ્રીપ વગેરે ઠેકાણે લોકો ભડક્યાં છે તેનું મુખ્ય કારણ એ છે કે, શાસકો તો પોતાનાં બંકરોમાં બેસીને હુંકાર કર્યા કરે છે પણ યુદ્ધની કિંમત સામાન્ય લોકો ચૂકવી રહ્યાં છે. હમાસના આતંકવાદીઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસ પર હુમલો કર્યો તેમાં ૧૫૦૦ ઈઝરાયલી માર્યા ગયેલા. હમાસના આતંકવાદી લગભગ ૨૫૦ જેટલા ઈઝરાયલીઓને ઉઠાવીને લઈ ગયા હતા.

હમાસ આટલા મોટા પાયે હુમલાનું આયોજન કરી રહ્યું હોવાની ઈઝરાયલના જાસૂસી તંત્રને ગંધ સુધ્ધાં ના આવી તેના કારણે માર્યા ગયેલા લોકોના પરિવારજનોમાં આક્રોશ હતો જ. નેતાન્યાહુ ઘોરતા રહ્યા ને હમાસ મેથી મારી ગયું. નેતાન્યાહુ હુમલાને તો રોકી ના જ શક્યા હુમલાના વરસ પછી પણ હમાસના આતંકીઓ પાસેથી ઈઝરાયલીઓને છોડાવવામાં નિષ્ફળ રહ્યા છે.

ગાઝા સ્ટ્રીપમાં લોકોના આક્રોશનું કારણ ઈઝરાયલના હુમલાના કારણે થયેલી ભયંકર તબાહી છે. હમાસના કબજા હેઠળના ગાઝા સ્ટ્રીપમાં લોકો છેલ્લાં કેટલાંક વરસોથી શાંતિથી રહેતાં હતાં ત્યાં હમાસના આતંકીઓએ ઈઝરાયલ પર હુમલો કરીને આ શાંતિને ડહોળી નાંખી. ઈઝરાયલે પોતાના નાગરિકોની હત્યાનો બદલો લેવા ગાઝા સ્ટ્રીપમાં કરેલા બોમ્બ મારામાં ૪૨ હજાર લોકો માર્યા ગયાં છે. ગાઝા સ્ટ્રીપમાં ૨૨ લાખ લોકો રહેતાં હતાં. તેમાંથી ૪૨ હજાર એટલે કે લગભગ બે ટકા વસતી યુદ્ધમાં સાફ થઈ ગઈ છે. આ સત્તાવાર આંકડો છે, બાકી બિનસત્તાવાર રીતે મૃતકોની સંખ્યા અઢી લાખની આસપાસ હોવાનું કહેવાય છે. ગાઝા સ્ટ્રીપમાં અંદર જઈ શકાય એવી હાલત નથી તેથી હજારો મૃતદેહો બોમ્બમારાનો ભોગ બનેલી ઈમારતોના કાટમાળ નીચે દટાયેલા છે.

# પ્રધાનમંત્રી મોદી અને સાંચેઝ રોડ શો અટકાવીને દિવ્યાંગ બાળકી મળ્યા



વડોદરામાં ટાટા ફેક્ટરીનું ઉદ્ઘાટન કરવા માટે પધારેલાભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝનેઆવકારવા માટે યોજાયેલા રોડ શોમાં એક વિશેષ પ્રસંગ જોવા મળ્યો હતો. એક દિવ્યાંગ વિદ્યાર્થિનીને મળવા માટે આ બન્ને મહાનુભાવો પોતાના કાફલાને રોકાવી નીચે ઉતર્યા હતા અને આ છાત્રાને મળ્યા હતા. એમએસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દિયા ગોસાઇ ઉત્તમ ચિત્ર કલાકાર છે. તે તેમના પરિજનો સાથે બન્ને વડાપ્રધાનના જાતે દોરેલા ચિત્રોની ફ્રેમ સાથે માર્ગ ઉપર ગોઠવાઇ ગઇ હતી અને મહાનુભાવોના આગમનની આતૂરતાપૂર્વક રાહ જોતી જોવા મળી હતી. એવામાં રોડ શોનો કાફલો આ તરફથી પસાર થયો અને તેવામાં બન્ને વડાપ્રધાનની નજર આ છાત્રા પર ગઇ હતી. તેથી આ આખો કાફલો રોકી દેવામાં આવ્યો હતો.

# આવકવેરા કાયદો સરળ બનાવાશે : બિનજરૂરી જોગવાઈઓ રદ કરાશે

નવી દિલ્હી,તા.૨૮

આવકવેરા કાયદામાં કેટલાંક મહત્વના બદલાવ કરીને તેને વધુ સરળ બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારે પ્રયાસો શરૂ કર્યા છે. આ માટે રચાયેલી કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડની આંતરિક કમીટી દરેક પાસાનુ બારીકાઈથી અધ્યયન કરીને બીનજરૂરી જોગવાઈઓ હટાવવાની ભલામણ કરશે. સાથોસાથ કાયદાને સરળ બનાવવા અભિપ્રાયો માંગ્યા છે અને મુશ્કેલીઓ વિશે પણ પુછાણ કર્યુ છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને ગત બજેટમાં આવકવેરા કાયદો સરળ બનાવવાનું એલાન કર્યુ હતું અને તે માટે છ મહિનાની સમય મર્યાદા નક્કી કરી હતી તે અંતર્ગત સીબીડીટીની કમીટી બેઠકોનો દોર ચલાવી રહી છે.સૂત્રોના કહેવા પ્રમાણે કાયદામાં વ્યાપક બદલાવની તૈયારી છે. બીનજરૂરી તમામ જોગવાઈઓને હટાવવામાં આવશે. આમ માનવામાં આવે છે કે આગામી વર્ષના ફેબ્રુઆરી સુધીમાં કમીટીની ભલામણોના આધારે બદલાવને મંજુરી અપાશે.એવા નિર્દેશ છે કે, મોટાભાગના અભિપ્રાય ભાષાકીય સરળીકરણ તથા લાંબા કાનુની જંગ હળવા કરવાની છે. આવકવેરા વિભાગ ટેક્સ ડીમાંડના હજારો કેસ પેન્ડીંગ છે તે પૈકીના સંખ્યાબંધ વર્ષોથી ચાલી રહ્યા છે.આ કેસોમાં ટેક્સ ડીમાંડની રકમ પણ બહુ મોટી નથી છતાં પ્રવર્તમાન કાનૂન હેઠળ પ્રક્રિયા લાંબી ચાલી રહી છે. આ પ્રકારની પ્રક્રિયા સરળ બનાવવાના ઘણા સુચનો છે.




શ્રી પટેલ પ્રગતિ મંડળ – રાજકોટ

નૂતનવર્ષ સ્નેહમિલન

રાજકોટમાં રહેતા કડવા પાટીદાર પરિવારોનું
નૂતનવર્ષનું સ્નેહમિલન અને કુળદેવી મા ઉમિયાની સમુહ આરતી



તા. ૦૧-૧૧-૨૦૨૪, શુકવાર, સવારે ૮:૩૦ થી ૧૦:૩૦, સ્પીડવેલ પાર્ટી પ્લોટ,
છગનભાઈ પટેલ માર્ગ, ફિલ્ડમાર્શલ સર્કલ, રાજકોટ ખાતે યોજાશે.

રાજકોટમાં રહેતા તમામ કડવા પાટીદાર પરિવારોને સહકુટુંબ સ્નેહમિલન અને સમુહ આરતીમાં સહભાગી થવા નિમંત્રણ છે.

: સહયોગી સંસ્થા :
■ શ્રી પટેલ સેવા સમાજ - રાજકોટ
■ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - રાજકોટ (ઉમિયાધામ)

પ્રમુખ
શ્રી નંદલાલભાઈ માંડવીયા
ટ્રસ્ટી મંડળ
કારોબારી સભ્ય અને સંગઠન ટીમ

Devansh Digital_9898590097

# બજાર લોકોએ ધૂમ ખરીદી કરી: મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રહેતા ભારે ભીડ જામી



રાજકોટ,તા.૨૯

આજથી દિવાળી નો તહેવાર શરૂ થઈ ચૂક્યો છે. શહેર ભરમાં દિવાળી ના તહેવારો ની ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરને લાઇટ થી સમજાવવામા આવ્યું છે. રસ્તાઓ રોશનીથી ઝળહળી ઉઠયા છે.ત્યારે હજુ પણ બજારોમાં ખરીદી નો ધમધમાટ જોવા મળી રહ્યો છે.ગઈકાલે રવિવાર હોવાથી સવારથી લોકોની ભારે ભીડ બજારમાં જોવા મળી હતી. ગઈકાલે પર્વ પહેલાનો છેલ્લો રવિવાર હોવાથી બજાર પણ મોડે સુધી ચાલુ રહી હતી. અને લોકોએ પણ બહોળા પ્રમાણમાં ખરીદી કરી હતી. છેલ્લા દિવસોમાં વેપારીઓ ને સારા વેપારની આશા છે.

ત્રિકોણ બાગ, ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, ગુંદાવાડી, સાંગણવા ચોક, પેલેસ રોડ, યાજ્ઞિક રોડ, સોની બજાર, કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, સદર બજાર વગેરે વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં માનવ મેદની દિવાળીની ખરીદી માટે ઉમટી પડી હતી. ઘર ને સુશોભિત કરવા લોકો તોરણ, લાઈટીંગ, કપડાં, જ્વેલરી, ચપ્પલ, મુખવાસ, દીવા સહિતની ખરીદી થઈ રહી છે.

બજારોમાં કપડાં, તોરણ, ઇલેક્ટ્રિક દીવડા, લાઈટીંગ સિરીઝ, વિવિધ વેરાયટીના કંડીલ, લાભ-શુભના, સ્વસ્તિકના, ભગવાનના સહિત અનેક પ્રકારના સ્ટીકર, ફૂલદાની, મુખવાસ, ફટાકડા, રંગોળીના કલર વગેરે વસ્તુઓનું વેચાણ થયું હતું. હવે દિવાળી ના તહેવાર ને ત્રણ દિવસ બાકી છે ત્યારે લોકો છેલ્લી ઘડીની ખરીદી માટે બજારોમાં ઉમટી પડ્યા છે.

## તહેવારો ઉપર જ એસ.ટીનાં હજારો મુસાફરો હેરાન !



રાજકોટ,તા.૨૯

રાજકોટ એસ.ટી.વિભાગ દ્વારા ગત શુક્રવારથી દિવાળીનું એકસ્ટ્રા સંચાલન શરૂ કરી દેવાયું છે.અને સતત ટ્રાફિક વધી રહ્યો છે.વેકેશન પડતા જ લોકો તેના વતન તરફ અને ફરવાની સ્થળોએ દૌટ મૂકી રહ્યા છે. બરોબર ત્યારે જ આજે સવારથી જ રાજકોટ એસ.ટી.વિભાગના હજારો મુસાફરો રઝળી પડયા હતાં. અને ના છુટકે ખાનગી વાહનોનો સહારો લેવો પડયો હતો.અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, આજરોજ અમરેલી ખાતે વડાપ્રધાનનો કાર્યક્રમ યોજાયો છે.તેમાં આવનાર જનમેદની અવર-જવર હેતુથી રાજકોટ એસ.ટી.વિભાગની ૧૨૫ જેટલી બસો રોકી લેવાઈ છે. જેનાં કારણે રાજકોટ એસ.ટી.નાં સતાવાળાઓએ ના છુટકે ૧૫ થી ૨૦ ટકાનું કેન્સલેશન કરવું પડયું છે. ખાસ કરીને ગ્રામ્ય અને ટૂંકા અંતરનાં અનેક રૂટો કેન્સલ કરવા પડયા છે.આથી આજરોજ બસપોર્ટ અને ડિવીઝનના જુદા-જુદા ડેપો ઉપર અસંખ્ય મુસાફરોને રઝળવાનો વારો આવેલ હતો.મુસાફરોની આ મજબુરીનો ભરપુર લાભ ખાનગી બસ સંચાલકોએ લીધો હતો.અને ડબલ ભાડા વસુલ્યા હતાં.

## દિવાળી કાર્નિવલો કારણે રેસકોર્સ રીંગરોડ પર લાંબો.. ટ્રાફિકજામ રોશની ડેકોરેશનથી રસ્તા રોકાયા



રાજકોટ,તા.૨૯

દિવાળીના તહેવારો ની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે દિવાળી મા રાજકોટ શહેર ને રોશની થી જગમગાવા ખાસ લાઈટીંગ કરવામાં આવી છે. ગઈ કાલે ભવ્ય દિવાળી કાર્નિવલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાદમાં સાંસદ પરસોતમ રૂપાલાએ રિબિન કાપી તેમજ દીપ પ્રગટાવી કાર્નિવલનો પ્રારંભ કરાવ્યો હતો.

આગામી ૩૧ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૬: ૩૦થી રાત્રે ૧૨ વાગ્યા સુધી રંગીલા રાજકોટવાસીઓ દિવાળી કાર્નિવલનો આનંદ માણી શકશે. આ દિવાળી કાર્નિવલ ના પ્રારંભ સાથે જ પ્રથમ દિવસે લોકો રોશની જોવા ઉમટી પડ્યા હતાં. તેમજ ગઈ કાલે રવિવાર હોવાથી લોકો રાત્રે વાહનોમાં પરિવાર સાથે રેસ કોર્સ રીંગરોડ લાઈટીંગ નિહાળી.

લોકો લાઈટીંગ નિહાળવા ની સાથે યાદગાર પળોને ફોનમા ફોટા પાડી કેપ્ચર કરી હતી. મોડી રાત સુધી લોકોએ લાઈટીંગ નિહાળી હતી. આથી ભારે ટ્રાફિક સર્જાયો હતો. લાંબો ટ્રાફિક સર્જાતા લોકો અકળાયા હતા ટ્રાફિક પોલીસ ભારે જહેમત બાદ ટ્રાફિક સમસ્યા દૂર કરી હતી. દિવાળી કાર્નિવલ માટે બનાવેલ ડેકોરેશનએ અડધો રસ્તો રોકી લીધો હતો.

તેના કારણે વધુ ટ્રાફિક જામ થયો હતો લોકો ગાડી ઉભી રાખી લાઈટીંગના ફોટા અને વિડીયો લેવા ઉભા રહી ગયા હતા. તેમજ થોડા થોડા અંતરે રાખેલ સાઉન્ડ સિસ્ટમ અને ડેકોરેશનના કારણે બધું ટ્રાફિક સમસ્યાઓ સર્જાઈ હતી. મોડી રાત સુધી આ લાંબો ટ્રાફિક જામ રહ્યો હતો.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૧૫૬ વેપારી દંડાયા



### ગંદકી કરનારા પાસેથી રૂ.૩૭૫૧૦નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટ,તા.ર૯

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૫/૧૦/૨૦૨૪ થી ૨૭/૧૦/૨૦૨૪ એમ કુલ ૩ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫૬ આસામીઓ પાસેથી ૬.૪૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૭૫૧૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૯ આસામીઓ પાસેથી ૨.૫૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૪૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૬૨ આસામીઓ પાસેથી ૨.૮૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૧૬૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# સત્યનારાયણની કથા રોકવા મુદ્દે સર્જાયું મહાભારત, વિજ્ઞાન જાથા સામે કાર્યવાહીની ચેતવણી





રાજકોટ,તા.ર૯

રાજ્યમાં અંધશ્રદ્ધા નિવારણ માટે કામ કરતી વિજ્ઞાન જાથા સંસ્થાના જયંત પંડ્યા દ્વારા રાજકોટમાં કચેરીમાં સત્યનારાયણની કથા રોકવામાં આવતા વિવાદ ઊભો થયો છે. આ મામલે બ્રહ્મ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પણ તેનો વિરોધ કરી ગર્ભિત ચેતવણી ઉચ્ચારી છે.

જયંત પંડ્યાનો દાવો છે કે, 'અમારો કાર્યક્રમ માત્ર કોઈ કથા બંધ કરાવવાનો નહતો. ચાલું ઑફીસમાં જે ધાર્મિક આયોજન કરીને ટેબલ ફેરફાર કરવા... એ વ્યક્તિ સામે શિક્ષાત્મક પગલા પણ લેવાના છે અને ગાંધીનગરથી પણ આદેશ થઈ ગયા છે. અમારો વાંધો એટલો જ હતો'.

આ મામલે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ટ્રસ્ટી અને વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, તેમની સંસ્થા અંધશ્રદ્ધાનો વિરોધ કરે છે, પરંતુ ધાર્મિક આસ્થાને સન્માન આપે છે. દેશના દરેક નાગરિકોને પોતાના ધર્મ અને આસ્થા માનવાની છૂટ ડૉ. બાબાસાહેબ આંબેડરે દેશના બંધારણમાં આપી છે.


શ્રી સત્યનારાયણ ભગવાન સાથે કરોડો હિન્દુઓની આસ્થા જોડાયેલી છે, તેવામાં વિજ્ઞાન જાથાના જયંત પંડ્યા સહિતના લોકોએ કથાનો કાર્યક્રમ રોકીને બ્રહ્મ સમાજ અને હિન્દુ સમાજનું અપમાન કર્યું છે. જેથી આગામી દિવસોમાં કથા રોકાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

રાજકોટમાં ડિસ્ટ્રીક કચેરીમાં કથા રોકવાના મામલે શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ ગર્ભિત ચેતવણી ઉચ્ચારી કહ્યું કે, 'કથા રોકનાર અને બ્રહ્મ સમાજનું અપમાન કરનાર શાનમાં સમજી જજો, નહીં તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેજો. ઑફિસમાં કથા કરવીએ વર્ષોથી ચાલી આવતી હિન્દુ ધર્મની પરંપરા છે. મારી ઑફિસમાં પણ હું દર વર્ષે કથા કરાવું છું. કથા કરાવનાર તમામ કર્મચારીને હું અભિનંદન આપું છું. જેણે કથા રોકી છે તેના વિરુદ્ધમાં કડક કાર્યવાહી કરાશે.'

# રાજકોટ - જામનગર સહિત ૨૮ શહેર જિલ્લા કોંગ્રેસ ઓબીસી મોરચાના ચેરમેનનો નિયુક્તિ







### કેન્દ્રિય મોવડી મંડળની લીલીઝંડી રાજકોટ શહેરમા હાર્દિક સિંહ પરમાર અને જિલ્લામા લાખાભાઈ ડાંગર

રાજકોટ, તા.ર૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ દ્વારા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ ના ચેરમેન કેપ્ટન અજય યાદવ પાસે ગુજરાત પ્રદેશ ના વિવિધ જીલ્લા અને શહેર કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેનોની નિમણૂંક કરવા માટેની દરખાસ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ ના ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહીલ તથા કાર્યકારી ચેરમેન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના મહામંત્રી મહેશભાઈ રાજપુતે મુકેલ હતી તે દરખાસ ઓલ ઈન્ડિયા ચેરમેનએ મંજૂરી સાથે મોકલાવેલ છે.ત્યારે રાજકોટ જામનગર સહિત શહેર જિલ્લા કોંગ્રેસ ઓબીસી મોરચાના ચેરમેનની વરણી કરવામાં આવી છે. કેન્દ્રિય મોવડી મંડળ ની લીલીઝંડી મળતાં તમામને નિમણૂક પત્ર સોંપવામાં આવેલ છે. આગામી સમયમાં તેઓ પોતાનો હોદ્દો સંભાળશે અને પાર્ટી ની કામગીરી હાથ ધરશે. રાજકોટ શહેર મા હાર્દિક સિંહ પરમાર અને જિલ્લામા લાખાભાઈ ડાંગર ની નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામા જીતુભાઈ વાઘેલા , શહેર મા કાંતિભાઈ ગોહિલ ગીર સોમનાથમા હીરાભાઈ ઝાલા ની વરણી કરવામાં આવી છે.

# માર્કેટીંગ યાર્ડમાં પૈસાની લેતી-દેતી મામલે બકાલાના ધંધાર્થી માતા-પુત્ર પર હિંચકારો હુમલો

રાજકોટ,તા.ર૯

માર્કેટીંગ યાર્ડમાં પૈસાની લેતી-દેતી મામલે બકાલાના ધંધાર્થી માતા-પુત્ર પર જાપડા બંધુઓએ વજનીયાની હુમલો કરતા માતા-પુત્ર ઘવાયા હતો.બનાવ અંગે બિ.ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે આરટીઓ પાછળ શિવમ સોસાયટી શેરી નં.૬માં રહેતા વિજયભાઈ મનુભાઈ ચુડાસમા (ઉ.વ.૩૭)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પરબત મમ જાપડા (ઉ.વ.૩૩) અને છગન મમ જાપડા (રહે.બંન્ને મંછાનગર જુના માર્કેટીંગ યાર્ડ પાછળ)નું નામ આવતા બીડીવીઝન પોલીસે બી એનએક એકર ૧૧૫ (૨),૧૧૮, ૧૭૭ (૨) સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેઓ શાકભાજીનો ધંધો કરે છે.તેઓએ બે વર્ષ પહેલાં આરોપી પરબત પાસેથી રૂ૧૦ હજાર હાથ ઉછીના લિધેલ હતાં.બાદમાં ફરીયાદીને ધંધામાં મંદિ આવતાં હાથ ઉછીના લિધેલ રૂપિયા પરત આવી શકતા ન હોય જેવી બંન્ને વચ્ચે બે દિવસ પહેલા બોલાચાલી થઈ હતી.જે બાદ ગઈકાલે બપોરે બે વાગ્યાની આસપાસ બંન્ને આરોપી ફરીયાદીના શાકભાજીના થડી પાસે ઘસી જઈ પરબતે રૂપિયા માંગતા ફરીયાદીને હાલ માટી પાસે રૂપિયા નથી અને ધંધામાં મંદિ ચાલે છે. તેમ કહેતાં બંન્ને આરોપી ઉશ્કેરાઈ ગયેલ હતાં.

દરમિયાન યુવાનની માતા વચ્ચે પડતાં તેને પણ આરોપીઓએ ગાળો આપી હતી.દરમિયાન આરોપી પરબતે થડા પર પડેલ લોખંડનું વિજનીયું ઉપાડી યુવાનના માથામાં ઝીંકી દિધું હતું.તેમજ વચ્ચે પડેલ યુવાનના માતાને પણ ધક્કો મારી પાડી દિધેલ હતાં. અને તેને પણ વજનીયું ફટકારી દિધેલ હતું.તેમજ આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છુટ્યા હતો.

# રાજયમંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે રસુલપરા પ્રા.શાળા ખાતે નવા વર્ગખંડોના બાંધકામનું ખાતમુહૂર્ત

### શાળાના નવા ઓરડા આધુનિક સુવિધાઓથી સજ્જ કરાશે



રાજકોટ,તા.૨૯

રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત રસુલપરા પ્રાથમિક શાળા ખાતે આધુનિક સુવિધા સજજ નવા વર્ગખંડોના બાંધકામનું ખાતમુર્હૂત કરાયું હતું. રાજયના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સજ્જ છે. નાગરિકોને આધુનિક સવલતો સાથે પાયાની સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષાની ગ્રાન્ટમાંથી મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે વિકાસના કામનું ખાતમુર્હૂત કરાયું હતું.

આ શાળાના નવા ઓરડા આધુનિક સુવિધાઓથી સજ્જ કરાશે, જેમાં વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણમાં શિક્ષણ તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બની રહેશે. દિવસે દિવસે વિકસતી ટેકનોલોજીનો વિદ્યાર્થીઓને લાભ મળે, વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ થાય, વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરિયાત મુજબની તમામ સુવિધાઓ શાળામાં મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ તકે કાર્યક્રમના અધ્યક્ષ મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દંડક મનીષભાઈ રાડિયા, પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ ભાઈ પૂજારા, વાઇસ ચેરમેન પ્રવીણભાઈ નિમાવત, તથા વોર્ડ નં.૧૨ ના કોર્પોરેટરઓ, અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

## અમીનમાર્ગ પર કામે ગયેલ સગીરા ભેદી રીતે લાપતા અપહરણનો ગુનો નોંધાયો

રાજકોટઃ અમીનમાર્ગ પર કામે ગયેલ સગીરા ભેદી રીતે લાપતા થતાં માલવીયાનગર પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રહેતાં રિક્ષાચાલક યુવાને જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં નાની દિકરી ૧૬ વર્ષની છે અને પોતે રીક્ષા ડ્રાઈવીંગ કરે છે. ગઈ તા.૨૭ ના રોજ સવારના આઠેક વાગ્યે તેમની સગીર પુત્રી કિંગ હાઇટસ ખાતે ઘરકામ કરવા માટે જાય છે. ત્યાં તેને રીક્ષામાં મુકવા માટે ગયેલ હતો. બાદ તેઓ ધંધા અર્થે કાલાવડ રોડ ઉપર હતો ત્યારે સવારના દસેક વાગ્યે તેમના દિકરાનો ફોન આવેલ કે, બહેન કામે નથી પહોચી જેથી તેને કહેલ કે, હું તો તેને કામે મુકિ આવ્યો છું, જેથી તેઓ કિંગ હાઇટસ રૂબરૂમાં જઈ તપાસ કરવા માટે ત્યાં ગયેલ અને ત્યાં સિક્યુરીટી પાસેના રજીસ્ટરમાં જોયેલ તો જાણવા મળેલ કે, નવેક વાગ્યાની આસપાસ ત્યાંથી જતી રહેલ છે.

# અમદાવાદ-દિલ્હીનું એરફેર પાંચ ગણું વધ્યું, દુબઈ કરતાં પણ દિલ્હી જવું મોંઘું બન્યું!



કોઈ અગત્યના કારણથી ફ્લાઈટ દ્વારા અચાનક જ દિલ્હી જવાનું આયોજન કરી રહ્યા હોવ તો સામાન્ય દિવસો કરતાં પાંચ ગણું વધુ ભાડું ચૂકવવા તૈયારી રાખવી પડશે. અમદાવાદ-દિલ્હીનું વન-વે એરફેર સામાન્ય દિવસો કરતાં પાંચ ગણું વધીને રૂપિયા ૨૧ હજારને પાર થઈ ગયું છે.


રજાઓ છેલ્લી ઘડીએ મંજૂર થયા બાદ છેલ્લે છેલ્લે પ્રવાસનું આયોજન કરનારાઓએ પણ પ્રવાસ માટે ચારથી પાંચ ગણું એરફેર ચૂકવવું પડશે. અમદાવાદથી દિલ્હીની વાત કરવામાં આવે તો સામાન્ય દિવસોમાં એરફેર રૂપિયા ચાર હજારની આસપાસ હોય છે. પરંતુ દિવાળી અગાઉ એટલે કે ૩૦ ઑક્ટોબરના મહત્તમ એરફેર રૂપિયા ૨૧ હજાર જોવા મળે છે.

અમદાવાદથી દુબઈ માટે વન-વે એરફેર રૂપિયા રૂપિયા ૧૩૩૪૦ છે. આમ, દિલ્હી કરતાં પણ દુબઈ જવું વધારે મોંઘુ થયું છે. દિલ્હીથી અમદાવાદનું વન-વે એરફેર આ જ અરસામાં રૂપિયા ૨૫૦૦થી રૂપિયા ૪૧૦૦ની આસપાસ છે.

આ સિવાય અમદાવાદથી ચેન્નાઈ માટે રૂપિયા ૧૯૩૯૮, કોલકાત્તા માટે રૂપિયા ૧૭૩૧૮ જ્યારે ચંદીગઢ-ગોવા માટે રૂપિયા ૧૩ હજારથી વધુ એરફેર છે. જાણકારોના મતે, એરલાઈન્સ દ્વારા દિવાળીના મહિનાઓ પહેલા જ અમુક ટિકિટ બ્લોક કરી દેવામાં આવે છે. દિવાળી નજીક આવે તેમ તેઓ વધુ ભાવ સાથે આ ટિકિટ રિલિઝ કરવા લાગે છે.

# માર્ગો અંગે મોરારીબાપુની ટીકા હાડોહાડ લાગી ગઈ છેક કેબીનેટ સુધી પડઘા પડયા

### જાહેર જીવનના જાણીતા વ્યક્તિઓની ફરિયાદોને વધુ ગંભીરતાથી લેવા તાકીદ અગ્રતાના ધોરણે કામ થવા જોઈએ



રાજકોટ ગુજરાતમાં ચોમાસાના કારણે હાઈવેથી છેક ગ્રામ્ય સ્તર સુધી માર્ગોની હાલત અત્યંત ખરાબ બની હતી તે અંગે અખબારોથી ઈલેકટ્રોનીકલ મીડીયામાં માર્ગોની ગુણવતા અને તેના નિર્માણમાં ભ્રષ્ટાચાર મુદ્દે સરકાર પર પસ્તાળ પાડવામાં આવી હતી. જો કે હવે દિવાળી આવી ગઈ છે છતાં પણ હજુ મોટાભાગના માર્ગોની હાલત દયનીય છે અને જે રીપેર થાય છે તે પણ લોકોની મુશ્કેલી વધારે તેવા છે પણ હાલમાં જ એક કથા સમયે જાણીતા કલાકાર મોરારીબાપુએ તલગાજરડા અને તેની આસપાસના માર્ગોની હાલત અંગે આકરા શબ્દોમાં ટીકા કરી અને એ મારી જીંદગીમાં આ પ્રકારના ખરાબ માર્ગો જોયા નથી.

તેવી ટીપ્પણી કરતા તેનો પડઘો છેક રાજય કેબીનેટમાં પડયો હતો અને વાસ્તવમાં મુખ્ય સચીવ રાજકુમાર પાસે માર્ગ બાંધકામ વિભાગના સચીવ એ.કે.પટેલે એવું પ્રેઝન્ટેશન કર્યુ કે તમામ માર્ગોના રીપેરીંગનું કામકાજ હાથમાં લેવાઈ ગયુ છે પણ મોરારીબાપુની જે ટીકા કરી તેમાં શ્રી રાજકુમારે જે આ પ્રકારે જાહેર જીવનમાં જાણીતા હોય તેમની ટીકાને ગંભીરતાથી લેવા અને તેના ઉકેલમાં અગ્રતા આપવા તાકીદ કરી હતી.

# ફ્લેટમાં સફાઈ કામે ગયેલ સગીરા મોબાઈલ સાથે ગુમ થઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી નાસી છૂટ્યો

## ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૯

માધાપર ચોકડી પાસે ફ્લેટમાં સફાઈ કામે ગયેલ સગીરા મોબાઈલ સાથે ગુમ થતાં ગાંધીગ્રામ પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે માધાપર ચોકડી પાસે રહેતાં યુવાને નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ જે એપાર્ટમેન્ટમાં રહે છે ત્યાં જ ફ્લેટના ઘરકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. જેમાં મોટી દિકરી ૧૫ વર્ષની છે. ગઇ તા.૨૬/૧૦/૨૦૨૪ ના સવારના સમયે તે એપાર્ટમેન્ટ માં કામ કરતો હતો ત્યારે તેમના સાળાની દીકરીના મોબાઇલમાંથી ફોન આવેલ કે, તમારી પુત્રી સાથે વાત કરવી છે જેથી, તેઓએ પુત્રીને ફોન આપેલ અને કહેલ કે, વાત કરી ફ્લેટમાં કામ




કરવા જાજે બાદ તેઓ પહેલા માળે કામ કરવા માટે ગયેલ હતાં.

એકાદ કલાક બાદ તેઓ પહેલા માળનુ કામ કરી નીચે પાર્કીંગ એરીયામાં આવેલ અને તેમની પત્નિએ પુછેલ કે, આપળી પુત્રી ક્યાં છે, જેથી તેમને જણાવેલ કે, ઉપર કોઇના ફ્લેટમાં કામ કરવા ગઇ હશે, બાદમાં ઉપરના બધા ફ્લેટમાં તપાસ કરતાં ક્યાંય જોવા મળેલ નહિ અને મોબાઇલ પણ પોતાની સાથે લઇ ગયેલ હતી. તેમનો તપાસ કરવા નીકળેલ પરંતુ તેની ભાળ મળેલ નહી જેથી તેમની સગીર પુત્રીને અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ જતાં ફરીયાદ નોંધાવી હતી.

### હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી

# રાજકોટ-દિલ્હી અને રાજકોટ-મુંબઈ માટે સવારની દૈનિક ફ્લાઈટો શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સની રજુઆત

## પ્રમુખ વી.પી. વૈષ્ણવનું સૌરાષ્ટ્રના મુસાફરોની સુવિધા માટે વિવિધ એરલાઈન્સ કંપનીઓને એકત્ર થવા આહ્વાન

રાજકોટ, તા.૨૯

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારમાં રજુઆત કરવામાં આવે છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, રાજકોટ તથા તેની આસપાસ આશરે ૧.૨૫ લાખથી વધુ ખજખઉ એકમો આવેલા છે. જેમાં અનેક પ્રોડક્ટનું ઉત્પાદન અને આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ પણ થઈ રહ્યું છે. રાજકોટ તથા આસપાસના શહેરો ઔદ્યોગીક હબ તરીકે જાણીતા હોવાથી આયાત-નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોય જેથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે તેમજ ઐતિહાસિક સ્થળોથી પથરાયેલ હોવાથી પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે ફ્લાઈટની કનેક્ટીવીટી વધારવી ખુબ જ આવશ્યક છે.

હાલમાં રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૨ જેટલી ડોમેસ્ટીક ફ્લાઈટની ટ્રીપો ચાલી રહી છે તેમજ મહિને આશરે ૯૦ હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા છે ત્યારે આટલી ટ્રીપ ખુબ જ ઓછી ગણાય. ખાસ કરીને રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી બન્ને શહેરો ખાતે મુસાફરી કરનાર વર્ગ ખુબ જ વધારે છે તો તેને ધ્યાનમાં રાખી રાજકોટ-દિલ્હી માટે સવારની ૬ વાગે અને ૯ વાગે દૈનિક ફ્લાઈટ તથા રાજકોટ-મુંબઈ માટે સવારની ૬:૩૦ વાગે અને રીટર્ન દૈનિક ફ્લાઈટ સાજે ૮ વાગ્યાની તાત્કાલીક શરૂ કરવી ખુબ જ જરૂરી છે.

જેથી કરીને મુસાફરોને બિનજરૂરી રાત્રી રોકાણ ન કરવો પડે અને સમય તથા નાણાંનો વ્યય ન થાય. ત્યારે રાજકોટ-દુબઈ, રાજકોટ-સિંગાપોર-મલેશીયા-બેંગકોક (ફાર ઈસ્ટ) ની ઈન્ટરનેશનલ ફ્લાઈટો તાત્કાલીક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા વિવિધ એરલાઈન્સ કંપનીઓ જેવી કે, એર ઈન્ડીયા, ઈન્ડીગો, સ્પાઈસ જેટ, વિસ્તારા, એર એશીયા, એર ઈન્ડીયા એક્સપ્રેસ, અકાસા, એલાઈન્સ એરને જણાવવામાં આવ્યું છે.

### સરગમ ક્લબ અને ડો. રાજેશભાઈ પટેલ અને શ્રીમતી ઉષાબેન પટેલ ના સયુંકત ઉપક્રમે

# દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે સહયોગ કમાણી ફાઉન્ડેશન

## કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૭ ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

રાજકોટ,તા.૨૯

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને અમેરીકા નિવાસી ડો. રાજેશભાઈ પટેલ અને શ્રીમતી ઉષાબેન પટેલ તેઓના જન્મ દિવસ નિમિતે જયપુરફૂટ કેમ્પમાં સહયોગ આપેલ છે અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા ૦૭/૧૧/૨૦૨૪ ગુરુવાર થી ૦૯/૧૧/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઇચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

દિવાળીના તહેવારને લીધે જયપુર ફૂટ કેમ્પ તા. ૦૭/૧૧/૨૦૨૪ ના રાખેલ છે જેની નોંધ લેવી. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૭/૧૧/૨૦૨૪ થી ૦૯/૧૧/૨૦૨૪ સુધી નવેમ્બર માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઇચ્છતા લોકોને તા ૦૭/૧૧/૨૪ ગુરુવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે.

# સરગમી સ્નેહ મિલન તા.૧/૧૧શુક્રવારે યોજાશે

રાજકોટ,તા.૨૯

સામાજિક અને સેવાભાવી સંસ્થા સરગમ કલબનું સ્નેહ મિલન તા. ૧/૧૧/૨૪ ને શુક્રવારે સાંજે ૬ થી ૭:૩૦ દરમિયાન ઈવનિંગ પોસ્ટ, રાજકોટ જિલ્લા બેંકની બાજુમાં, જ્યુબિલી બાગ પાસે રાખવામાં આવ્યું છે.સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ એક યાદીમાં જણાવ્યુ છે કે, આ સ્નેહમિલનમાં સરગમ કલબ, સરગમ લેડીઝ કલબ, સરગમ કપલ કલબ, સરગમ સિનીયર સિટીઝન કલબ, સરગમ જેન્ટસ ક્લબ અને ઈવનિંગ પોસ્ટનાં તમામ સભ્યો ઉપસ્થિત રહેશે અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.

આ સ્નેહમિલનમાં શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, આમંત્રિતો, શુભેચ્છકો, દાતાઓ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. આ સ્નેહમિલનમાં સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઇ ડેલાવાળા, મૌલેશભાઈ પટેલ, જરેશભાઈ લાખાણી, નાથાભાઇ કાલરીયા, લલીતભાઇ રામજીયાણી, મીતેનભાઇ મહેતા, ગીતાબેન હિરાણી, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, ડો. અલ્કાબેન ધામેલિયા, મનસુખભાઇ મકવાણા, જયપાલસિંહ ઝાલા આ તમામ હોદેદારો એ મેમ્બરોને સ્નેહમિલન માં હાજરી આપવા નમ્ર વિનંતી.

# જુગાર રમતી ત્રણ મહિલા સહિત એક શખ્સ ઝડપાયો


રાજકોટઃ રાજકોટ એરપોર્ટ રોડ છોટુનગરમાં ગાંધીગ્રામ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ત્રણ મહિલા સહિત ચારને જુગાર રમતા ઝડપી લઈ ગુનો નોંધેલ છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.જે.કરપડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એલ. ગોહિલ, હેડ કોન્સ. શબ્બીરખાન ઈકબાલખાન તથા મુકેશભાઈ સબાડ, રોહીતદાન ગઢવી વિ.એ એરપોર્ટ રોડ છોટુનગર શેરી નં.૫નો કોર્નર પાસે જાહેરમાં જુગાર રમતી આશાબેન તુલસીભાઈ થારનીયા, કાજલબેન પરબતભાઈ મોસપરા, મીનાબેન રામુભાઈ વઢીવારા અને પોપટ માધાભાઈ ટુવડીયાને રોકડ રૂ.૧૧૭૪૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

# પાવન પર્વ દિપાવલી- અને નુતન વર્ષની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## દિપોત્સવી પર્વ એ જનસમુદાય દ્વારા સર્જાતી અસંખ્ય દિવાઓની અનંત હારમાળા અંધકારને હટાવી પ્રકાશ પાથરવાનું સરાહનિય અભિયાન આદરે છે

રાજકોટ,તા.૨૯

દિવાળી પર્વનો શુભારંભ થઈ રહયો છે ત્યારે ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનો ને પ્રકાશના પાવન પર્વ એવા દિપાવલી અને નુતન વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવેલ છે કે 'જનાઃ ઉત્સવ પ્રિયા' ની ઉક્તિને સાકાર કરીને લોકો કોઈને કોઈ પ્રકારના ઉત્સવો ઉજવીને જીવનમાં ઉત્સાહ અને પ્રેરણાનું સિંચન કરતા હોય છે. ત્યારે સાતમ-આઠમ પર્વનું સમાપન થાય એટલે તરતજ જનસમુદાય દિવાળીની આતુરતાપૂર્વક રાહ જોવે છે અને તહેવારોમાં શિરોમણી અને ઉત્સવોમાં સૌથી વધુ પ્રભાવશાળી એવા દિપોત્સવી પર્વની ધામધુમથી ઉજવણી કરવા માટે તૈયારીમાં લાગી જાય છે ત્યારે વાકબારસ પછી ધનતેરસ, કાળી ચૌદશ, દિપાવલી, નુતન વર્ષ અને ભાઈબીજએ પાંચ પર્વોનો મહાસંગમ એટલે કે દિવાળી લોકો અદમ્ય ઉત્સાહ અને આનંદોલ્લાસથી ઉજવે છે અને ખુશખુશાલ આનંદથી ઘરો અને હૃદયોને પ્રકાશિત કરે છે. પાંચ પર્વોની આ શ્રુંખલામાં ધનતેરસના દિવસે ધન(લક્ષ્મી)નું પૂજન તેમજ દેવોના વૈદ્ય ધન્વંતરીનો જન્મદિવસ આવે છે. પછી કાળી ચૌદશ એટલે કે નરક ચતુર્દશી પણ કહેવાય છે. આ દિવસે કરેલા ધાર્મિક મંત્રોચ્ચાર, પૂજનનું વિશેષ મહાત્મ્ય છે. ત્યારબાદ રોશનીના પર્વ દિવાળીએ ઘેર-ઘેર દીપમાળા સર્જાય છે, મીણબતીઓ અને રંગબેરંગી રોશનીથી ઘરો-દુકાનને શણગારવામાં આવે



છે. પ્રકાશનું આ ભવ્ય પ્રદર્શન અંધકાર પર પ્રકાશની જીત અને અનિષ્ટ પર સારપનું પ્રતિક છે. દિવાળી પર ઘરની સાફ-સફાઈ પછી, નવા કપડા, ચીજ-વસ્તુઓની ખરીદી, પરિવારજનો સાથે હળીમળીને ઉજવાતા દિપોત્સવી પર્વમાં મીઠાઈઓ, ઘરના આંગણે નયનરમ્ય રંગોળી, આતશબાજી, દૈદીપ્યમાન રોશનીનો ઝગમગાટની સંગાથે સૌ હળી-મળીને આ ઉત્સવને ઉજવે છે. દિવાળી બાદ નુતન વર્ષની સબરસની ખરીદી કરી સકુન સાચવી મંગલ પ્રભાતે પરસ્પર નવા વર્ષની શુભેચ્છાઓની ઉષ્માભેર આપ-લે થાય છે અને એકમેકનું મો મીઠુ કરાવી નુતન વર્ષને આવકારાય છે. ત્યારબાદ આવતા ભાઈબીજના પર્વએ ભાઈ તેની બહેનના ઘેર ભાવપૂર્વક ભોજન કરી બહેનને નવા વર્ષનો ઉપહાર આપે છે.ત્યારે પૌરાણિક કથા મુજબ ભગવાનશ્રી રામચંદ્રજીએ રાવણનો વધ કરી અયોધ્યામાં આગમન કર્યુ તેની ખુશાલીમાં નગરજનોએ ઘેર-ઘેર દીપ પ્રગટાવીને ભવ્ય અભિવાદન કર્યુ અને દિપાવલી ઉત્સવનો પ્રારંભ થયો. ત્યારે આજે દેશના પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરોડો દેશવાસીઓનું અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનુ સ્વપન સાકાર થયુ છે ત્યારે દિપોત્સવી પર્વ આનંદ અને ઉત્સાહનો ઉત્સવ બની રહે છે. માનવ હૈયાને જોડીને એમાં અંતરની અમીરાત પ્રગટવનારો બની રહે છે.દિપાવલી પર્વ સમાજમાં એકતા, ક્ષમા અને હકારાત્મકતાનું વાતાવરણ સર્જે છે.

# બાપુનગરમાં પાણીની નવી લાઈનનું ખાતમુહૂર્તઃ વોર્ડ નં.૭, ૧૪ના અર્ધો લાખ લોકોને લાભ થશે

### ૭ કરોડના નવા કામનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા



રાજકોટ, તા.૨૯

મહાનગરપાલિકા દ્વારા બાપુનગર ચોક, બાપુનગર મેઈન રોડ, ૮૦ ફૂટ રોડ કોર્નર, અલંગ હાઉસ પાસે રૂ.૭.૦૯ કરોડના ખર્ચે ૭૧૧ મી.મી. ડાયા ૩ એલ.પી.ઈ. પાણીની એમ.એસ.પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આજી ફિલ્ટર પ્લાન્ટથી બાપુનગર ચોકમાં આવેલ હયાત પાઈપલાઈન સાથે જોડાણ કરી જરૂરીયાત મુજબ જીલ્લા ગાર્ડન હેડવર્કસ પર, જ્યુબિલી તેમજ ગુરૂકુળ હેડ વર્કસ સુધી ફિલ્ટર વોટર પહોંચાડી શકાશે. આ પાઈપલાઈનથી ૧૫ એમ.એલ. પાણી ટ્રાન્સફર કરવામાં આવશે. આ કામ થવાથી વોર્ડ નં.૭ અને વોર્ડ નં.૧૪ના વિસ્તારોની સોસાયટીનાં આશરે ૫૦,૦૦૦ જેટલા લોકોને ફાયદો થશે.

આ કાર્યક્રમમા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નીલેશભાઈ જલુ,વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, શિશુ કલ્યાણ અને અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, કોર્પોરેટર વિનુભાઈ ઘવા, વર્ષાબેન રાણપરા, શામજીભાઈ ચાવડા, ગૌતમભાઈ ગોસ્વામી, શાસકપક્ષ ભાજપ કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા.

# ડિવિઝનલ રેલવે ગ્રાહક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન



રાજકોટ,તા.૨૯

રાજકોટ ડિવિઝનમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવી રચાયેલી ડિવિઝનલ રેલવે કન્ઝ્યુમર કન્સલ્ટેટિવ કમિટી () ની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. મીટીંગની શરૂઆતમાં રાજકોટ ડીવીઝનના ડીવીઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમાર અને સીનીયર ડીસીએમ શ્રી સુનીલ કુમાર મીનાએ તમામ સભ્યોનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ સીનીયર ડીસીએમ શ્રી સુનિલ કુમાર મીના દ્વારા પીપીટી ના મધ્યમથી તમામ સભ્યોને રાજકોટ ડિવિઝન ની પ્રવૃત્તિઓ અને વિકાસ કાર્યો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કમિટીના સભ્યો દ્વારા પોતપોતાના વિસ્તારની રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવા પ્રોજેક્ટ વહેલી તકે પૂર્ણ કરવા અને ડિવિઝનના સ્ટેશનો પર વધુ સારી પેસેન્જર સુવિધા આપવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે તમામ સભ્યોના સૂચનો પર સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતાં જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધાનો વિકાસ એ રાજકોટ ડિવિઝનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેના માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ બેઠકમાં માનનીય સભ્યો શ્રી અમૃતલાલ વાઢેર, શ્રી ભાગિયા ભવાન ભાઈ, શ્રી દિલીપસિંહ પરમાર, શ્રી દીપક ભાઈ રવાણી, શ્રી કેતન દફતરી, શ્રી કિરીટ કુમાર ત્રિવેદી, શ્રી નાનજીભાઈ ખીમસુરીયા, શ્રી પાર્થિવકુમાર ગણાત્રા, શ્રીમતી પૂજા વઘાસિયા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રાજ રાજેશ ભાઈ ગાંગાણી, શ્રી રાજીવભાઈ દોશી અને શ્રી યોગેશ મિશ્ર ઉપસ્થિત રહ્યા હતા.

# એક લાખના ચાર લાખ આપવાની લાલચ આપી ફ્રોડ આચરતી ગેંગના બે ઝડપાયા

રાજકોટ. તા.૨૯

ફેસબુક મારફતે એક લાખના ચાર લાખ આપવાની લાલચ આપી ફ્રોડ આચરતી ગેંગના બે શખ્સોને ભુજથી ઝડપી પાડ્યા હતાં. જેમની પાસેથી રૂ.૮૧ હજારનો મુદામાલ રિકવર કરી મુખ્ય સૂત્રધાર બે શખ્સોની શોધખોળ હાથ ધરી હતી. ડાંગ સાયબર ક્રાઈમ પીઆઈ વિ. કે.ગઢવી અને ટીમને મળી મોટી સફળતા મળી હતી.

બનાવ અંગે ગઈ તા.૨૭/૦૬/૨૦૨૪ ના આહવા પોલીસ મથકમાં ફરિયાદી ફરીયાદી સુનીલભાઇ સુરેશભાઇ ખેરનારને તા.૧૫/૦૫/૨૦૨૪ ના રોજ ફેસબુકના માધ્યમથી દેવાભાઇ આહીર નામની આઇ.ડી. પરથી સંપર્ક કરવામાં આવેલ અને તેઓને ચારથી પાંચ દિવસમાં એક લાખ રૂપિયા આપે તો તેના ત્રણ ગણા એટલે કે ત્રણ લાખ રૂપિયા આપવામાં આવશે તેવી લાલચ આપી હતી. બાદમાં આરોપીઓએ મોબાઈલ ફોનથી પણ તેઓની સાથે વાત કરેલ ત્યારબાદ સુનીલભાઇ પાસેથી એક લાખ રૂપિયા બેન્ક ઓફ બરોડાના એક એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવેલા હતા.ત્યારબાદ આરોપીઓએ ફોન ઉપાડવાનો બંધ કરી દીધેલ અને ફરીયાદીને ફ્રોડ થયાનું માલુમ પડતાં સાયબર હેલ્પ લાઇન પર ફરીયાદ કરેલ અને બાદ આહવા પોલીસ મથકમાં ગુનો નોંધાવેલ હતો.

જે અંગેની ફરીયાદ પરથી ડાંગ એસપી યશપાલ જગાણીયા, ડીવાયએસપી એસ.જી.પાટીલ અને જે.એચ.સરવૈયાએ સાયબર ફ્રોડના ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા માટે આપેલ સુચના અને માર્ગદર્શનના આધારે સાયબર ક્રાઈમ પીઆઈ વી.કે.ગઢવી અને ટીમે આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફ્રોડના ગુનામાં તપાસ હાથ ધરી પ્રથમ રૂ. ૨૩ હજાર આરોપીઓના એકાઉન્ટમાં ફ્રીજ કરાવેલ હતાં.

### કુવાડવા નજીક ક્રિષ્ના વોટરપાર્ક પાસે ક્રાઈમ બ્રાન્ચનો દરોડો

# દિવાળી પૂર્વે રાજસ્થાનથી રાજકોટમાં દારૂ ઠલવાય તે પહેલા જ દારૂના મોટા જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા






રાજકોટ તા.૨૯

દિવાળી પૂર્વે બૂટલેગરો રાજકોટમાં દારૂ ઠાલવવાની પેરવી કરી રહ્યાં હતા ત્યારે જ ખાસ વોચ રાખી બેસેલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજસ્થાનથી દારૂ ભરી રાજકોટ ઠાલવવા આવેલા બે શખ્સને ક્રાઇમ બ્રાંચની ટીમે રાજકોટ-અમદાવાદ હાઈવે પર ક્રિષ્ના વોટર પાર્ક નજીકથી ઝડપી શરાબની ૧૦૨૦ બોટલ સહિત રૂ.૯.૦૬ લાખના મુદામાલ સાથે દબોચી લીધાં હતાં. દારૂનો જથ્થો રાજસ્થાનના શ્રવણ નામના બુટલેગરે સપ્લાય કર્યો હતો અને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી સ્થાનીક બુટલેગર મારફત શહેરમાં ઘુસાડવાનો હતો. પોલીસને અલગ અલગ નંબર પ્લેટો પણ મળી હતી. દરોડાની વિગત મુજબ, ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એ.એસ.ગરચર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અનિલ સોનારા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને ધર્મરાજસિંહ રાણાને અમદાવાદ તરફથી એક દારૂ ભરેલ કાર રાજકોટ તરફ આવતી હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ ક્રિષ્ના વોટર પાર્ક સામે બ્રીજ પાસે વોચમાં હતો ત્યારે ત્યાંથી પસાર થયેલ સફેદ રંગની ક્રેટા કાર નં. જીજે-૦૩-એમબી-૯૩૩૯ ને અટકાવી તપાસ કરતાં તેમાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની ૧૦૨૦ બોટલ રૂ.૨.૭૬ લાખનો જથ્થો મળી આવતાં ઓમપ્રકાશ ક્રિષ્નારામ બીશ્નોઈ (ઉ.વ.૩૧, રહે. બાછલા પોસ્ટ-ભૈરૂડી, બાડમેર) અને મોહનલાલ ભાખરારામ બીશ્નોઈ (રહે. કુંડકી, સાંચોર રાજસ્થાન) ને દબોચી કુલ રૂ.૯.૦૬ નો મુદામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા બંનેની પુછતાછ થતાં રાજસ્થાનથી શ્રવણ નામના શખ્સે આ દારૂ રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પહોંચાડવાનું અને ત્યાંથી સ્થાનીક બુટલેગર દારૂ રીસીવ કરવાનો હતો તેવું રટણ કર્યુ હતું.

# ગેરકાયદે બાંધકામથી માતા-પુત્રના મોતની તપાસ કરાવો

### વોર્ડ નં.૧૫ના અનેક બાંધકામો અંગે કોંગ્રેસની ફરિયાદ છતાં તંત્ર બેધ્યાનઃ અતુલ રાજાણી સહિતના નેતાઓની રજૂઆત



રાજકોટ, તા.૨૯

શહેરના વોર્ડ નં.૧૫ના આજીડેમ વિસ્તારના રામવન પાછળ સુરભી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં કરુણ ઘટનામાં માતા પુત્રના મોત થયા છે. લોકમુખે ચર્ચા તે વિગતો મુજબ આ દિવાલનું બાંધકામ કમ્પ્લેશન સર્ટિફિકેટ મેળવ્યા પછીનું હતું એટલે કે અનઅધિકૃત બાંધકામ ચાલી રહ્યું હતું. આ વિસ્તારમાં ના કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા અવારનવાર આ વિસ્તારમાં ચાલી રહેલા અનઅધિકૃત બાંધકામો અંગે વખતોવખત લેખિત મૌખિક અને રૂબરૂ ફરિયાદો કરવામાં આવી છે તેમ છતાં તંત્ર વાહકો દ્વારા આંખચામણા કરી અનઅધિકૃત બાંધકામોને ૨૬૦(૨) મુજબની નોટિસો આપ્યા બાદ પણ ગેરકાયદેસર બાંધકામો ઉપર કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી તેવી ફરિયાદ કોંગ્રેસે આજે કમિશ્નરને આવેદનપત્ર પાઠવીને કરી છે.

ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ચાલી રહેલા ગેરકાયદેસર બાંધકામો ગેરકાયદેસર દિવાલો આલીશાન શેડમાં ભાજપની મીલીભગત હોય અને શાસકોની સિધી દોરવણી હેઠળ અધિકારીઓની મિલીભગતને પગલે બેફામ બે રોકટોક બાંધકામો ચાલી રહ્યા છે.

જે દિવાલ ધરાશાયી થઈ છે અને માતા પુત્ર ના મોત થયા છે તે પરિવારને કોર્પો. દ્વારા આર્થિક વળતર ચૂકવવામાં આવે અને દિવાલના બાંધકામ અંગે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે નિયમાસુર કડક કાર્યવાહી હાથ ધરી દાખલા રૂપ સજા કરવામાં આવે તેવી માંગ કરી છે. વોર્ડ ન. ૧૫ કોંગ્રેસના તમામ કોર્પોરેટરો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ચાલી રહેલા બાંધકામો અંગેની અરજી ની ધુળ ખંખેરી નોટિસો આપેલ હોય તો તે અંગે કાર્યવાહી કયા કારણોસર કરવામાં આવી નથી તે સવાલ કર્યો છે.

# આંદ્રેવ ડોગે ઢેબર કોલોનીમાંથી ૮૦ લીટર આથો પકડી પાડયો

### ધોરાજીમાંથી કેપ્ટો ડોગે ગાંજો પકડયા બાદ ભકિતનગર પોલીસે પણ દારૂના ધંધાર્થીને પકડવા દારૂની ગંધ પારખતા ડોગની મદદ લીધી





રાજકોટ,તા.૨૯

રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસમાં ડોગ સ્કોડની કામગીરી પણ વધતી જાય છે. અને તેમાં ગ્રામ્ય પોલીસે કેપ્ટોડોગની મદદથી ધોરાજીમાંથી ગાંજા પકડયા બાદ ભકિતનગર પોલીસે આદ્રેવ ડોગની મદદથી ઢેબર કોલોનીમાંથી ૮૦ સિટનું આથો ઝડપી મહીલા વિરૂદ્ધ કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ, ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એન.સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એન.એન.વસાવા ટીમ અને ડોગ હેન્ડલર એએસઆઈ સજુભા ઝાલા સાથે સ્પેશીયલ ટ્રેનીંગ લીધેલ આંદ્રેવ ડોગને સાથે રાખી અગાઉ દારૂન ગુના થયેલ હોય તે ઢેસર કોલોની મફતીયા પરામાં જઈ તપાસ હાથ ધરતાં આદ્રેવ ડોગે ઢેબર કોલોની નારાયણનગર ૧૦ મફતીયાપરામાં રહેતી કવિતા વિશાલ સોલંકી (ઉ.વ.30)ના મકાનમાં દોડી જઈ મકાનમાં છુપાવેલા ઠંડો આથો ૮૦ લિટર શોધી કાઢતાં પોલીસે રૂ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય પોલીસે કેપ્ટોડોંગની મદદથી ધોરાજી માંથી ગાંજા પકડી પાડયો હતો.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# દિવાળીના તહેવાર પર હવા, અવાજ સહિતના પ્રદુષણને અટકાવવા ગ્રીન ફાયર ફ્રેકરના ઉપયોગ અંગેનું જાહેરનામુ

રાજકોટ તા. ૨૯

દિવાળી સહિતના તહેવારો નિમિત્તે સુપ્રીમ કોર્ટ દ્વારા થયેલ આદેશમાં પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશા નિર્દેશો અને ફટાકડા ફોડવાના કારણે આગ, અકસ્માતના કે અન્ય કોઈ દુર્ઘટના ન બને તેમજ જાહેર જનતાની સલામતી માટે રાજકોટ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશા નિર્દેશો આપવામાં આવેલ છે. જે ધ્યાને પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા રાજકોટ શહેરમાં વિવિધ નિયંત્રણો મુક્યા છે.

સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે, ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખુબ હાનીકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા



ફટાકડા (Joint Firecrackers, Series Crackers or laris) તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. તા.૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે. વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધીત ઘોષીત થયેલ છે. જેથી, કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત, સંગ્રહ કે વેચાણ કરી શકાશે નહી. તમામ ઇ-કોમર્સ વેબસાઇટને ઓનલાઇન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે. દિવાળી - દેવ દિવાળી તથા અન્ય તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રે ૦૮ કલાકથી ૧૦ કલાક સુધી ફોડી શકાશે. હાનિકારક ધ્વનિ પ્રદષણ રોકવા માટે Petroleum and Explosive Safety Organization (PESO) સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર ફોડવાના સ્થળથી ૪ મીટરની દુરી સુધીમા ૧૨૫ dB(A) અથવા ૧૪૫ dB(C) પી.કે.થી ઓછો અવાજ પેદા કરે તેવા જ ફટાકડા વેંચી / વાપરી શકાશે. () દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોસ ઉપર Petroleum and Explosive Safety Organization (PESO) સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે. ઉપરાંત, પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે માટે માત્ર () દ્વારા અધિકૃત બનાવટવાળા ગ્રીન ફાયર ક્રેકરનું વેચાણ તથા ઉપયોગમાં શકાશે. રાજકોટ શહેર કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, એરપોર્ટની નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. કોઇ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઈનીઝ તુક્કલ, આતશબાજી બલૂન)નું ઉત્પાદન કે વેચાણ કરી શકાશે નહી. શહેરના બજારો, શેરીઓ, જાહેરરસ્તાઓ, ધાર્મિકસ્થળો, પેટ્રોલપંપ, સી.એન.જી.પંપ, એલ.પી.જી., બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોનો સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇ મથકની નજીક કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

# જેતપુરમાં નગરપાલીકાની મંજુરી વગર બાંધકામના કેસમાં આરોપીને કોર્ટ દ્વારા સજાનો હુકમ

## મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ કરનારાઓ સામે લાલબતિ સમાન કીસ્સો

જેતપુર,તા.૨૯

જેતપુરમાં લાદી રોડ ઉધીશેરી ખાતે રહેતા લક્ષ્મણદાસ શામણદાસ સોમૈયા તથા ભગવાનદાસ સામણદાસ સોમૈયાઓએ જેતપુર શહેરમાં કણકીયા પ્લોટમાં કમલેશ પકોડા વાળી મીલકત થી આગળ જેતપુર નગરપાલીકાની બાંધકામની પરવાનગી વગર ફસ્ટ ફલોર અને સેકન્ડ ફલોરનું બાંધકામ કરી દીધેલું ઉપરોક્ત બાધકામ બાબતે ઉપરોક્ત મીલકતમાં રહેલા ભાડુઆતોએ ડેપ્યુટી કલેકટરમાં તથા જેતપુર નગરપાલીકામાં મંજુરી વગરના બાંધકામ સબંધી અરજીઓ કરેલી જેના અનુસંધાને જેતપુર નવાગઢ નગરપાલીકાના ચીફઓફીસરે જે તે વખત ના સર્વેયર રમેશભાઈ સરાડવાને તપાસ કરવા માટે હુકમ કરતા સર્વેયરે સ્થાનીકે જઈ ગેરકાયદેસર બાંધકામ બાબતે વિગતવારનો રીપોર્ટ તૈયાર કરેલો અને તેઓના રીપોર્ટ અનુસાર



બાંધકામની કીમત ૧૧,૧૫,૦૦૦/- જેવી હોવાનું માલુમ પડેલુ અને આરોપીઓને બાંધકામ નહી કરવા માટે નોટીસ પાઠવેલ હોવા છતાં આરોપીઓએ ગેરકાયદેસર બાંધકામ કરી નાખેલ જેથી નગરપાલીકાના ચીફ ઓફીસરે આરોપીઓ સામે જેતપુર કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરેલો જે કેસમાં નગરપાલીકાના ચીફ ઓફીસર, સર્વેયર તથા મીલકતમાં રહેલ ભાડુઆતો વિગેરેએ મૌખીક જુબાની આપેલી જે જુબાનીના અંતે નામદાર જેતપુર કોર્ટે આરોપીઓએ પોતાની માલીકીના જુના અને જર્જરીત બાંધકામ ઉપર કોઈ પણ પ્રકારની કાયદેસરની પરવાનગી વગર બાંધકામ કરેલ હોવાનું પુરવાર થયેલ જેથી નામદાર જેતપુર કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી અને ગેરકાયદેસર બાંધકામ થયેલ હોવાનું પુરવાર માનેલું અને બાંધકામની કીંમતના ૨૫% લેખે એટલે રૂા.૨,૭૮,૭૫૦/- દંડ ફરમાવેલો અને જ્યાં સુધી ગેરકાયદેસર બાંધકમ રીમુવ ન કરે ત્યાં સુધી પ્રત્યેક દીવસના રૂા.૧૧,૧૫૦/- ચુકવી આપવાનો હુકમ . કરલો છે.ઉપરોક્ત રીતે જોતા જેતપુર શહેરમાં જ્યારે મંજુરી વગરના ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટેલ છે ત્યારે આવા કોઈ પણ પ્રકારની મંજુરી વગરના બાંધકામ કરતા અને કાયદાને ઘોળી ને પી જનારાઓ માટે લાલબતી સમાન કિસ્સો હોવાનું જાણવા મળેલ છે ઉપરોક્ત કામમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતા નગરપાલીકાના ચીફઓફીસરે આરોપીઓનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનો રસ્તો સાફ થઈ ગયેલ છે ઉપરોક્ત કેસમાં ફરીયાદી નગરપાલીકા તરફેજેતપુરના ધારાશાત્રી વકીલશ્રી ઓની ટીમ જેમાં જેતપુરના સીનીયર વકીલ શ્રી આર.આર.ત્રિવેદી, ભાવેશ પી.ત્રિવેદી. જે.જી. વાઘેલા તથા કું. પારૂલ જી.સિંધવડ રોકાયેલા હતા.

# દરિયાઈ કાંઠા વિસ્તારમાં સિંહનો હુમલો

ઉના,તા.૨૯

ઉનાના નવાબંદર ગામે છેલ્લા દશેક દિવસથી ડાલામથ્થા એ ભારે આતંક મચાવ્યો છે અને સાંજૂ પડતાંની સાથે પ્લોટ વિસ્તારમાં તેમજ રહેણાંકી વિસ્તાર શિકાર માટે આવી ચડી રોજ મારણ કરી નાશી જતો હોવાની ઘટના સામે આવી રહી છે. બે દિવસ પહેલા નવાબંદર ગામે એક ગાયનું મારણ કરી મિજબાની માણી હતી. તે પહેલાં શહેરી વિસ્તારમાં આંટાફેરા કરતાં બે યુવાનો બાઈક છોડી ભયનાં મારે નાશી છુટ્યા હતા. જે સમગ્ર ઘટના પણ સીસી ટીવી કેમેરામાં કેદ થઈ હતી.



ત્યારે ગત મધ્યરાત્રિનાં સમયે નવાબંદર પ્લોટ વિસ્તારમાં તાજી મચ્છી સુકાવતા મજુરો પર ડાલામથ્થા એ અચાનક હુમલો કરી દેતાં ગુલાબ હાજી શબ્બીર હુશેન સૈયદ નામનાં યુવાનને સાથળના ભાગમાં નર મારી દેતા અને બચકાં ભરતા યુવાનને લોહીલુહાણ હાલતમાં કરી દીધેલ અને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. દરિયાઈ કાંઠા વિસ્તારના નવાબંદર ગામમા રહેણાંક વિસ્તારમાં ૧૦ દિવસ પહેલા ૩ પશુઓનો પણ શિકાર કર્યો હતા. છેલ્લા દશેક દીવસમાં ત્રણ વખત પશુ ઓનાં શિકાર કરી મિજબાની માણી ચુકેલા આ વન્ય પ્રાણી હવે માનવી નું લોહી ચાખી ગયાં હોવાથી માનવ ભક્ષી બની આ વિસ્તારના ઝુંપડા બાંધી રહેતાં અને શહેરી ગલ્લી મોહલ્લા માં રહેતાં નાનાં બાળકો વૃદ્ધો મહિલા ઓ ને કોઈ પ્રકારની નુકશાની પહોંચાડે તે પહેલાં આ વિસ્તારમાં કાયમી બીડ ગાર્ડ અને ટેકર નું પેટ્રોલીંગ કરી આ વન્ય પ્રાણી ને દુર જંગલ માર્ગે ખસેડવા માંગણી ઉઠવા પામી છે.

# રાજકોટમાં દિવાળી પૂર્વે રોગચાળો વકર્યો

■ **મનપાના ચોપડે અઠવાડિયામાં ડેન્ગ્યુના ૨૦ સહિત એક માસમાં ૧૧૦, મેલેરિયાના ૮ કેસ પરંતુ હકીકતમાં હજારો દર્દીઓ**


તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા. ૨૯ઃ રાજકોટ શહેરમાં દિવાળી પૂર્વે જ રોગચાળો વકર્યો છે. મહાનગરપાલિકાના ચોપડે જ છેલ્લા ૧ અઠવાડિયામાં ડેન્ગ્યુના ૨૦ સહિત ૧ માસમાં ૧૧૦ કેસ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના ૮ તો ચિકનગુનિયાના ૩ દર્દી સામે આવ્યા છે. આતો રાજકોટ કોર્પોરેશનના ચોપડે નોંધાયેલા કેસો છે, પરંતુ જો ખાનગી હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓ ઉપર નજર કરીએ તો તેનો આંકડો હજારોમાં છે. જોકે, નૂતન વર્ષમાં જ રોગચાળો ફેલાતા લોકોમાં ભારે ચિંતા વ્યાપી છે. રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા. ૨૧થી ૨૭ ઓક્ટોબર દરમિયાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિતની ૩૬૦ ટીમો દ્વારા ૯૩,૩૩૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૫,૬૩૭ ઘરોમાં ફોગીંગ કામગીરી કરી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં ૪૫૨ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂઆલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે)નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવી છે. જેમાં રહેણાંકમાં ૪૭૮ અને કોર્મશીયલ ૧૫૬ આસામીને નોટિસ આપવામાં આવી તથા રૂપિયા ૭૧,૯૫૦નો વહિવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

# ‘વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આર્યુવેદ નવીનતા’ની થીમ સાથે ઉજવાશે નવમો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ

■ **પરંપરાગત ઔષધિઓનાં મહત્વને મળી સાર્વત્રિક સ્વીકૃતિ, ગત વર્ષે ૧૦૦થી વધુ દેશોએ કરી હતી આયુર્વેદ દિવસની ઉજવણી**




રાજકોટ, તા. ૨૯ઃ દિવાળીના તહેવારની શરૂઆત એટલે ધનતેરસ. જેને ધન્વંતરી જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ભગવાન ધન્વંતરીને વેદ અને પુરાણોમાં દેવતાઓના વૈદ્ય કહેવામાં આવે છે, સાથે જ તેમને આયુર્વેદના પિતા પણ માનવામાં આવે છે. દવાની સૌથી જૂની પદ્ધતિ એટલે આયુર્વેદ. જે લોકોને આરોગ્ય અને સુખાકારી બક્ષી સક્ષમ બનાવે છે. તેથી જ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા અતિ પ્રાચીન એવી આયુર્વેદિક સારવારને પ્રોત્સાહન આપવા માટે આયુર્વેદના ભગવાનની જન્મજયંતિના રોજ દર વર્ષે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આયુર્વેદ અને તેની વિવિધ ચિકિત્સા પધ્ધતિઓ અને તેના ફાયદા, સિદ્ધાંતો અને ઉદ્દેશ્ય વિશે માત્ર દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં દરેક વ્યક્તિને માહિતગાર કરવા અર્થે વર્ષ ૨૦૧૬ થી શરૂ કરીને આ દિવસ ઉજવવામાં આવે છે. છેવાડાના માનવી સુધી આયુષની સેવાઓ પહોંચી શકે અને તે થકી પ્રજાજનોને સુખાયુ અને દિર્ઘાયુ પ્રાપ્ત થાય તે હેતુથી વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આર્યુવેદ નવીનતા‘‘ ની થીમ સાથે આ વર્ષે નવમો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવાશે. અત્રે નોંધનીય છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ દ્વારા પ્રજાની સુખાકારી માટે કટિબદ્ધ છે, ત્યારે ગુજરાતમાં જામનગર જિલ્લામાં પ્રતિષ્ઠિત આયુર્વેદ યુનિવર્સિટી કાર્યરત છે, જ્યાં પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ પ્રમાણેના ઉપચાર, સારવાર અને સંશોધનો થાય છે. એલોપથીના ઝડપી નિદાનને લીધે તેનો વ્યાપ મોટો છે. પરંતુ, આયુર્વેદ સચોટ નિદાન કરે છે. આયુર્વેદ અને અન્ય ચિકિત્સા પદ્ધતિથી ભારત આગળ વધે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

આયુર્વેદ એક એવી તબીબી પદ્ધતિ છે, જે લાંબુ, સ્વસ્થ અને સુખી જીવન જીવવાની સાચી રીત શીખવે છે. આ ચિકિત્સા પદ્ધતિમાં માત્ર રોગની સારવાર જ નથી થતી, પરંતુ શરીરને કુદરતી રીતે સ્વસ્થ અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. આયુર્વેદ માત્ર એક ચિકિત્સા પદ્ધતિ જ નહીં, પરંતુ સંપૂર્ણ સ્વાસ્થ્ય સુખાકારી પ્રદાન કરતું વિશ્વનું પ્રાચીનતમ આરોગ્ય શાસ્ત્ર છે. તો આવો, સ્વસ્થ ભારતના નિર્માણ માટેર તન-મનને સ્વસ્થ અને સંતુલિત રાખતા આયુર્વેદને આપણી જીવનશૈલીનો ભાગ બનાવીએ.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.29/10/2024 TUESDAY 11

### આજે વર્લ્ડ સ્ટ્રોક-ડેઃ વોકહાર્ટ હોસ્પીટલમાં પેનલ ડીસ્કશન

# કેન્સર બાદ દેશમાં મૃત્યુનુ સૌથી વધુ કારણ સ્ટ્રોક

**■ વર્લ્ડ સ્ટ્રોક ડે : વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ ખાતે એડવાન્સ કેર અને અવેરનેસને ધ્યાનમાં લઈને નિષ્ણાંતોનું પેનલ ડિસ્કશન યોજાયું**



તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા. ૨૯ઃ ૨૯ ઓક્ટોબરને ''વર્લ્ડ સ્ટ્રોક ડે'' તરીકે ઉજવવામાં આવે છે. દરેક વર્ષે વિશ્વમાં સ્ટ્રોક આવવાની સમસ્યા વધતી જ જાય છે. આ એક સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાનો વિષય છે. આ વર્ષની વર્લ્ડ સ્ટ્રોક ડેની થીમ ''ગ્રેટર પેન સ્ટ્રીક એક્ટિવ ચેલેન્જ છે. આથીમ સ્ટ્રોકને રોકવા માટે શારીરિક પ્રવૃત્તિ અને સક્રિય આરોગ્ય સંભાળને પ્રોત્સાહિત કરવાના વૈશ્વિક અભિયાન સાથે સંરેખિત થાય છે.

આ ગંભીર સ્ટ્રોકથી બચવા માટે તમારી જીવનશૈલીમાં તમારે કેટલાક ફેરફાર કરવા જરૂરી છે. તેના પ્રત્યે જાગૃતિ માટે જ દર વર્ષે ''વર્લ્ડ સ્ટ્રોક ડે'' મનાવવામાં આવે છે. ગંભીર સ્ટ્રોકની સમસ્યાથી બચવા માટે ડાયાબિટીસ, સ્થુળતા, હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગ સંબંધિત સમસ્યાઓને નિયંત્રણમાં રાખવાની જરૂર છે. તેવામાં હેલ્ધી લાઈફસ્ટાઈલ ખુબ જરૂરી છે. સ્ટ્રોક અંગે વધુ જાગૃતતા લાવવા અને સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં તેના નિવારણના ધોરણો અંગે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના ડો. વિકાસ જૈન (કન્સલ્ટન્ટ- ઈન્ટરવેન્શનલ ન્યુરો રેડિયોલોજીસ્ટ અને પેરિફેરલ વેસ્ક્યુલર ઈન્ટરવેન્શનિસ્ટ) ડો. જીગરસિંહ જાડેજા (કન્સલ્ટન્ટ- બ્રેઈન સ્પાઈન સર્જન), ડોવિલ વસાણી (કન્સલ્ટન્ટ- બ્રેઈન સ્પાઈન સર્જન), એવધુ માહિતી આપી.

વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટની ડોક્ટર્સ ટીમ જણાવે છે કે, સ્ટ્રોક એ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા છે. તેમાં લોહીના પુરવઠામાં વિક્ષેપ પડતા મગજને નુકશાન થાય છે. ચાળવામાં, બોલવામાં અને સમજવામાં તકલીફ થવી એ સ્ટ્રોકના લક્ષણો છે. હાથ, પગ કે ચહેરાનો લક્વો અને નિષ્ક્રિયતા પણ સ્ટ્રોકના લક્ષણ છે. જીવનશૈલીમાં કેટલાક ફેરફાર કરીને આ સ્ટ્રોકથી બચી શકાય છે. પેરાલિસિસ-સ્ટ્રોકના લક્ષણ જણાય તો પ્રથમ ત્રણ કલાક ખૂબ જ મહત્ત્વના છે. દર્દીને જેટલી ઝડપથી સારવાર મળે તેટલી ઝડપથી તેની સાજા થવાની સંભાવના વધી જાય છે. સ્ટ્રોકના વધતા કેસ માટે મેદસ્વીપણું, બેઠાડું જીવન, બ્લડ પ્રેશર, હાઈપર ટેન્શન જેવા પરિબળો મુખ્યત્વે જવાબદાર છે.

એક મેડિકલ રિસર્ચ અનુસાર દેશમાં દર બે મિનિટે એક વ્યક્તિ સ્ટ્રોકથી મૃત્યુ પામે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના ડેટા અનુસાર, કેન્સર પછી દેશમાં મૃત્યુનું સૌથી સામાન્ય કારણ સ્ટ્રીક છે. દર વર્ષે આ રોગના ૧૮ મિલિયન કેસ આવે છે. તેમાંથી ૨૫ ટકા દર્દીઓની ઉંમર ૪૦ વર્ષથી ઓછી હોય છે. સ્ટ્રીકના મુખ્ય કારણોમાં હાઈ બ્લડ પ્રેશર અને હવાનું પ્રદૂષણ પણ માનવામાં આવે છે.

સ્ટ્રોક વિશે લોકોમાં જાગૃતિનો અભાવ છે. ઘણા કિસ્સાઓમાં, દર્દીઓ ખૂબ મોડા હોસ્પિટલ પહોંચે છે. જ્યારે, આ રોગમાં દરેક મિનિટ મહત્વપૂર્ણ છે. એટલા માટે એ મહત્વનું છે કે લોકો લક્ષણો ઓળખે અને સમયસર સારવાર મેળવે.

વોકહાર્ટ હોસ્પિટલ્સની મલ્ટિડિસિપ્લિનરી ટીમ એપ્રોચ અમારા ન્યુરોલોજીસ્ટને કાર્ડિયોવેસ્ક્યુલર સર્જનો, ઓર્થોપેડિક સર્જની, ઓપ્ટમોલોજિસ્ટ અને ન્યુરોસર્જન સાથે મળીને કામ કરવા સક્ષમ બનાવે છે.

# રાજકોટ ખાતે ડિવિઝનલ રેલવે ગ્રાહક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન


રિપોર્ટરઃ ઉદય પંડ્યા

રાજકોટ, તા. ૨૯ઃરાજકોટ ડિવિઝનમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવી રચાયેલી ડિવિઝનલ રેલવે કન્ઝ્યુમર કન્સલ્ટેટિવ કમિટી (ઉછ્અઈઈ) ની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. મીટીંગની શરૂઆતમાં રાજકોટ ડીવીઝનના ડીવીઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમાર અને સીનીયર ડીસીએમ શ્રી સુનીલ કુમાર મીનાએ તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સીનીયર ડીસીએમ શ્રી સુનિલ કુમાર મીના દ્વારા પીપીટી ના મધ્યમથી તમામ સભ્યોને રાજકોટ ડિવિઝન ની પ્રવૃત્તિઓ અને વિકાસ કાર્યો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કમિટીના સભ્યો દ્વારા પોતપોતાના વિસ્તારની રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવા પ્રોજેક્ટ વહેલી તકે પૂર્ણ કરવા અને ડિવિઝનના સ્ટેશનો પર વધુ સારી પેસેન્જર સુવિધા આપવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે તમામ સભ્યોના સૂચનો પર સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતાં જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધાનો વિકાસ એ રાજકોટ ડિવિઝનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેના માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ બેઠકમાં માનનીય સભ્યો શ્રી અમૃતલાલ વાઢેર, શ્રી ભાગિયા ભવાન ભાઈ, શ્રી દિલીપસિંહ પરમાર, શ્રી દીપક ભાઈ રવાણી, શ્રી કેતન દફતરી, શ્રી કિરીટ કુમાર ત્રિવેદી, શ્રી નાનજીભાઈ ખીમસુરીયા, શ્રી પાર્થિવકુમાર ગણાત્રા, શ્રીમતી પૂજા વઘાસિયા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રાજ રાજેશ ભાઈ ગાંગાણી, શ્રી રાજીવભાઈ દોશી અને શ્રી યોગેશ મિશ્ર ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આ બેઠકમાં રાજકોટ ડિવિઝનના એડીઆરએમ શ્રી કૌશલકુમાર ચૌબે અને વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.


# ગુજરાતમાં બેવડી ઋતુનો અનુભવ યથાવતઃ ૭ દિવસ શુષ્ક વાતાવરણ રહેશે

■ **નવેમ્બરના પહેલા અઠવાડિયામાં ગુજરાતવાસીઓ ગરમીમાં શેકાશે**

અમદાવાદ, તા. ૨૯ઃ ભારતીય હવામાન વિભાગના પૂર્વ અનુમાન અનુસાર આ વર્ષે ઓક્ટોબર મહિનો સામાન્ય કરતાં વધુ ગરમ રહ્યો છે એટલે કે લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે ત્યારે હજુ પણ આગામી સાત દિવસ માટે ગુજરાતના હવામાન વિભાગ દ્વારા તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે એટલે કે નવેમ્બર માસના પહેલા સપ્તાહમાં પણ ગુજરાતીઓને અત્યંત ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેતા ગુજરાતીઓને દિવાળી દરમિયાન ગરમીનું અનુભવ રહેશે.

**ગુજરાતમાં આગામી ૭ દિવસ શુષ્ક વાતાવરણ રહેશે**

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ગુજરાત રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેતા ગુજરાતવાસીઓને અત્યંત ગરમીનો અહેસાસ થશે કારણ કે, હાલમાં ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેને કારણે રણપ્રદેશની ગરમી ગુજરાત સુધી આવી રહી છે, તેને કારણે તાપમાન વધુ નોંધાઈ રહ્યું છે. તદ્દુપરાંત આકાશમાં પણ કોઈ છુટાછવાયા વાદળો પણ નથી. જેને કારણે સૂર્યના સીધા કિરણો જમીન ઉપર પડવાથી વધુ ગરમીનો અનુભવ થાય છે, જેના કારણે આગામી સાત દિવસ ગરમી યથાવત રહેશે.




# રક્તદાતા શ્રીઓના સત્કાર સમારંભની સાથે વિવિધ કાર્યક્રમો યોજીને અનોખી રીતે દિવાળી પર્વની ઉજવણી કરતું જુનાગઢનું ગિરનારી ગ્રુપ

જૂનાગઢ, તા. ૨૯ઃ ગિરનારી ગ્રુપના સમીર દતાણી, સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,તાજેતરમાં દિવાળી પર્વની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા જુનાગઢ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવેલ હતું. તથા અતિ જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કરિયાણાની કીટ, સાડી આપવામાં આવી હતી. ગૌ માતાઓને ધ્યાનમાં રાખીને ગોળ, ખોળ, ભુસુ, તેલ, પાણીનું મિશ્રણ કરીને લાડવા બનાવીને ગૌ માતાઓને ખવડાવવામાં આવેલા હતા. સાથે જુનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોર માં આવેલ વિહાન સંસ્થા દ્વારા સંચાલિત એચઆઈવી ગ્રસ્ત પીડિત બાળકોને મીઠાઈ,ફરસાણ, કપડાં, ફટાકડા સહિતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલું હતું. જેમાં ડો. ચંદ્રેશ વ્યાસ, વીપુલભાઈ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.ગિરનારી ગ્રુપના નેજા હેઠળ વર્ષ દરમિયાન રક્તદાતા શ્રીઓએ પોતાનો કીંમતી અને પવિત્ર સમય કાઢીને



પોતાના રક્તનું દાન કરીને એક જીવને બચાવવામાં સહભાગીતાના સાથી થયા છે. એવા તમામ રક્તદાતા શ્રીઓનો સત્કાર સમારોહ ઝાંઝરડા ચોકડી પાસે આવેલ જલારામ ભક્તિ ધામ ખાતે યોજવામાં આવેલ હતો.જેમનું દીપ પ્રાગટ્ય જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી શ્રી પ્રો.પી.બી. ઉનડકટ સાહેબ,પ્રવીણભાઈ પોપટ, નાગદાનભાઈ વાળા ગાયત્રી મંદિરના ટ્રસ્ટીશ્રી, ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ શ્રી અરશીભાઈ રામ સાહેબ સહિતના ઉપસ્થિત લોકોના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. મુખ્ય અતિથિ વિશેષ પદે જુનાગઢ ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવ ભારતી બાપુએ ઉપસ્થિત રહીને આશિષ વચન પાઠવ્યા હતા.જ્યારે અતિથિ વિશેષ પદે જગદીશભાઈ દતાણી, દમયંતીબેન દતાણી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી અરજણભાઈ દિવરાણીયા, ગુડડીબેન શેઠ, ઉષાબેન શ્રૌત્રિય, દિનેશભાઈ ચુડાસમા, કમલેશભાઈ ડાકી, દેવશીભાઈ દીવરાણીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.રક્તદાતાશ્રીઓ, આમંત્રિત મહેમાનો,ઉપસ્થિત તમામ લોકોએ ગિરનારી ગ્રુપના સભ્યો સાથે સમૂહ ભોજન પ્રસાદ કરેલ હતું. જેમની વ્યવસ્થા જલારામ ભક્તિ ધામ દ્વારા કરી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી નરેન્દ્રસિંહ ચુડાસમાની સાથે દિનેશભાઈ રામાણી,પરેશભાઈ સાવલિયા, સમીરભાઈ દવે,દેવાંગભાઈ પંડ્યા, કિર્તીભાઈ પોપટ,પરેશભાઈ પંડ્યા, લલીતભાઈ ગેરીયાએ કરેલ હતું. આ વિવિધ કાર્યક્રમો દાતાશ્રીઓના સહયોગથી કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારની ગ્રુપના સભ્યશ્રીઓ શ્રી ભાર્ગવભાઈ દેવમુરારી, સંજયભાઈ વાઢેર, હરિભાઈ કારીયા, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, વિશાલભાઈ અભાણી, સુરેશભાઈ વાઢીયા, શુભભાઈ વાઢીયા, ભરતભાઈ ભાટીયા, મનીષભાઈ રાજા, જીગ્નેશભાઈ વ્યાસ, દિલીપભાઈ દેવાણી, બીપીનભાઈ ઠકરાર, ગૌરવભાઈ પોપટ, યાત્રિકભાઈ ભટ્ટ, વેદભાઈ બારૈયા, પરાગભાઈ યાદવ, કશ્યપભાઈ દવે, રાહુલભાઈ ભટ્ટ, જીગ્નેશભાઈ વ્યાસ, વિશાલભાઈ અભાણી, વિપુલભાઈ બુધ્ધદેવ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.




# વડોદરામાં સી-૨૯૫ વિમાનના પ્લાંટનું વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

■ **સ્પેનના વડાપ્રધાન સાથે ખુલ્લી જીપમાં રોડ-શોઃ ઠેર-ઠેર ઢોલ નગરા-ગરબા સાથે ભવ્ય સ્વાગતઃ સંબોધન**

વડોદરા તા. ૨૮ઃ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝની ઉપસ્થિતિમાં સી-૨૯૫ વિમાનના ફાયનલ એસેમ્બલી લાઈન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ હતું તે પહેલાં બન્ને વડાપ્રધાનનો રોડ-શો પણ વડોદરામાં યોજાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝએ આજે વડોદરામાં રોડ શો યોજ્યો હતો. પછી બન્ને નેતાઓએ વડોદરામાં સી-૨૯૫ વિમાનના ફાઈનલ એસેમ્બલી લાઈન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ હતું.

વડોદરામાં પીએમ મોદીએ સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ સાથે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (ટાસ્લ) માં સી-૨૯૫ વિમાનના નિર્માણ હેતુ ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યુ હતું. સ્પેન અને ભારત વચ્ચે ૫૬ એરક્રાફ્ટ બનાવવા માટે કરાર કરવામાં આવ્યો છે. પ્રથમ ૧૬ એરક્રાફટ સ્પેનમાં બનાવવામાં આવશે. બાકીના ૪૦ ટાટા એડવાન્સ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવશે. દેશમાં પ્રથમ વખત ખાનગી કંપની સૈન્ય માટે વિમાન બનાવશે.

અમરેલીમાં પ્રધાનમંત્રી મોદીનો લગભગ ૪૯૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન તથા શિલાન્યાસ કરવાનો કાર્યક્રમ પણ છે.




વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં રતન ટાટાને યાદ કર્યા. તેમણે કહ્યું કે, "તાજેતરમાં જ આપણે દેશના મહાન સપૂત રતન ટાટાજીને ગુમાવ્યા છે. જો આજે તે આપણી વચ્ચે હોત તો તેમને ખુશી થાત, પરંતુ તેમની આત્મા જ્યાં પણ હશે, તે ખુશ હશે. આ સી-૨૯૫ વિમાન ફેક્ટરી નવા ભારતની નવી કાર્ય સંસ્કૃતિને દર્શાવે છે.

વડાપ્રધાને આગળ કહ્યું કે, જ્યારે હું ગુજરાતમાં સીએમ હતો ત્યારે વડોદરામાં ટ્રેનના કોચ બનાવવા માટે એક ફેક્ટરી લગાવવાનો નિર્ણય કર્યો હતો. રેકોર્ડ સમયમાં ફેક્ટરીને ઉત્પાદન માટે તૈયાર પણ કરી દીધી, આજે આપણે તે ફેક્ટરીમાં બનેલા મેટ્રો કોચ બીજા દેશોને નિર્યાત કરી રહ્યાં છીએ. મને પૂરો વિશ્વાસ છે કે, ભવિષ્યમાં આ ફેક્ટરીમાં બનેલા વિમાન પણ બીજા દેશોને નિર્યાત કરવામાં આવશે. આપણે આત્મનિર્ભર બનીને એરક્રાફટનું એક્સપોર્ટ પણ કરશું.

સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રગતિશીલ નેતૃત્વની પ્રસંશા કરવાની સાથે જણાવ્યું કે, સી-૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદનનો પ્રોજેક્ટ ઈન્ડસ્ટ્રીયલ એક્સેલન્સનું પ્રતિક છે અને આ પ્રોજેક્ટની ભારત-સ્પેનની દોસ્તી વધુ મજબૂત બની છે. ભવિષ્યમાં ભારતને ટેકનોલોજી ટ્રાન્સફરનો સંકેત આપતા તેમણે જણાવ્યું કે, આ ઔદ્યોગિક સહયોગ ઈજનેરો અને ટકિનશિયનોની તાલીમ અને ઘડતરના દ્વારા ખૂલ્યા છે. સ્પેનમાં ભારતીય અને ભારતમાં સ્પેનિશ કંપનીઓ વધી રહી છે. તેનાથી રોજગારી સર્જન અને સંશોધનને વેગ મળ્યો છે.

આ પ્રોજેક્ટ એમએસએમઈના વિકાસને વેગ આપશે. મધ્યમ અને લઘુ ઉદ્યોગોને ખૂબ અગત્યના ગણાવતા સ્પેનના પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, અમારા દેશમાં ૯૯ ટકા કંપનીઓ એમએસએમઈ છે અને દેશના વિકાસમાં તેમનું ખૂબ યોગદાન છે.

ભારત-સ્પેનના દાયકાઓથી એકબીજાના વિશ્વસનિય મિત્ર રહ્યાં છે અને આ પ્રોજેકેટની ઔદ્યોગિક સંબંધોની મજબૂતીને નવો આયામ મળ્યો છે. ટાટા ઉદ્યોગ સમૂહની તેમણે મહારથીઓમાં મહારથી ગણાવીને પ્રશંસા કરી હતી. ગુજરાતના વિવિધતાસભર ઔદ્યોગિક વિકાસનો તેમણે ખાસ ઉલેખ કર્યો હતો.

એ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝ વડોદરા વિમાની મથકથી ટાટા એરક્રાફટના કાર્યક્રમ સ્થળ સુધી ખૂલ્લી જીપમાં રોડ શો કરવામાં આવ્યો હતો. તેઓનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરામાં ટાટા એરક્રાફટના ઉદ્ઘાટન પૂર્વે વડોદરા એરપોર્ટ વિમાની મથકની કાર્યક્રમના સ્થળ સુધી બન્ને પ્રધાનમંત્રીએ ખૂલ્લી જીપમાં રોડ શો કર્યો હતો.

# યુવતીને ડિજિટલ એરેસ્ટ કરનાર ગેંગ ઝડપાઈ

## ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ સહિતના રાજ્યના ૧૨ આરોપીઓની ધરપકડ, માસ્ટરમાઈન્ડ હજુ પોલીસ પકડથી દૂર



અમદાવાદ, તા. ૨૯: સાયબર ક્રાઈમમાં સૌથી વધારે ડિજિટલ અરેસ્ટ કરી લાખો-કરોડો રૂપિયા પડાવનારી ગેંગ સક્રિય છે, ત્યારે નારણપુરા પોલીસે ડિજિટલ એરેસ્ટ કરી લોકોના લાખો રૂપિયા પડાવનાર ગેંગના ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, સહિત અલગ અલગ રાજ્યોના ૧૨ આરોપીઓની નારણપુરા પોલીસે ધરપકડ કરી છે.

યુવતીને ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા ૪.૯૨ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આરોપીઓએ રૂપિયા પડાવી લીધા બાદ યુવતીના પાડોશીને વીડિયો કોલમાં બોલાવીને તેની સાથે છેતરપિંડી કરી હોવાની જાણ કરી હતી. આરોપીઓએ સમગ્ર દેશમાં અનેક લોકો પાસે થી રૂપિયા પડાવ્યા હોવાની આશંકા છે.

મળતી માહિતી પ્રમાણે નારણપુરાના અંકુર ચાર રસ્તા પાસે રહેતી યુવતીને ૧૩થી ૧૪મી ઓક્ટોબરના દિવસે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ તેને કહ્યું હતું કે, થાઇલેન્ડ મોકલાવેલા પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું છે. ત્યારબાદ બીજો ફોન કરી યુવતીને કેનકેન પ્રકારે ડરાવી ધમકાવીને જુદીજુદી એજન્સીઓનાં બનાવટી કાગળો બતાવ્યા હતા અને ફરિયાદીની વિગતોની પીડીએફ ફાઈલ પણ મોકલી આપી હતી. બાદમાં તેના બેંક એકાઉન્ટમાં રહેલા રૂપિયા આરબીઆઇમાં જમા કરાવવા પડશે. વેરિફિકેશન બાદ રૂપિયા પરત મળશે તેમ કહીને બેંક એકાઉન્ટમાં જમા રૂપિયા તેમજ પર્સનલ લોન એમ કુલ રૂપિયા ૪ લાખ ૯૨ હજાર પડાવી લીધા હતા.

આરોપીઓએ યુવતી પાસેથી રૂપિયા પડાવી લીધા બાદ બર્થ માર્ક જાણવા માટે કપડાં ઉતારવા માટે પણ કહ્યું હતું. જો કે, યુવતીએ સ્પષ્ટ ના કહી દીધી હતી. એટલું જ નહીં, આરોપીઓએ યુવતીના પાડોશીને વીડિયો કોલમાં બોલાવીને તેમણે આ યુવતી સાથે ડિજિટલ એરેસ્ટના નામે છેતરપિંડી કરી હોવાની જાણ કરી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જ યુવતી નારણપુરા પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યાં પોલીસે યુવતીની ફરિયાદ નોંધીને બેંક એકાઉન્ટ અને મોબાઇલ નંબરની વિગતો મેળવી તપાસ શરૂ કરી હતી.

આ સમગ્ર કેસમાં તપાસ કર્યા બાદ પોલીસને સફળતા મળતા ગણતરીના દિવસોમાં ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, સહિત અલગ અલગ રાજ્યોના ૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી પોલીસે ૨ લેપટોપ, ૧૭ મોબાઈલ, ૧૧ ચેકબુક, ૮ ડેબિટ કાર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ચાઈનીઝ હેન્ડલરો ટેલીગ્રામ મારફતે અલગ અલગ ચેનલ બનાવી તેમાં સભ્યોને એડ કરી લોભામણી જાહેરાતો આપી તગડું કમિશન કે ઊંચા પગાર આપવાની લાલચ આપીને બેંક એકાઉન્ટ મેળવી, જેમાં ફ્રોડના રૂપિયા ડિપોઝિટ કરાવે છે. ડિજિટલ એરેસ્ટ કરતી આ ગેંગના મુખ્ય આરોપીઓને પકડવા માટે હવે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# કેન્દ્રીય મંત્રી પાટીલ આજે રાજકોટમાં રોજગાર મેળાનું ઉદઘાટન કરશે




રાજકોટ, તા. ૨૯: ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રોજગાર મેળા-૧ના બીજા ભાગનું ઉદઘાટન કરવાના છે ત્યારે દેશના પાણી પુરવઠા અને કેબિનેટ મંત્રી સી.આર.પાટીલ રાજકોટ પધારવાના છે. આજે સવારે ૯ વાગ્યે શહેરના સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ખાતે ઓડોટરિયમ-૨માં રોજગાર મેળાનું ઉદઘાટન કરશે.

યુવાનોને અલગ-અલગ વિભાગોમાં નોકરી માટેની ઓફર કરવામાં આવશે.

૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

જે અંતર્ગત રાજકોટ ખાતે તા.૨૯ ઓક્ટોબરના રોજ સરદાર પટેલ સ્ટેચ્યુ, બહુમાળી ભવન થી 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજકોટની જનતાને ઉમંગભેર ભાગ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

# આવતીકાલથી બરડા જંગલ સફારી ફેઝ-૧નો આરંભ




ખંભાળીયા તા. ૨૮ઃ ગુજરાતમાં સાસણગીર પછી હવે એશિયાઇ સિંહોનું નવું રહેઠાણ પોરબંદર, ભાણવડ વિસ્તારના બરડા વન્ય જીવ અભ્યારણ્ય વિધિવત થયું હોય, ૨૯-૧૦-૨૦૨૪ ના રાજ્યના વન અને પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે બરડા જંગલ સફારી ફેઝ-૧ નો પ્રારંભ થશે. જેનાથી પોરબંદર, ભાણવડ વિસ્તારના બરડા ડુંગરની ખ્યાતિમાં વધારા સાથે વન્યપ્રેમીઓના આકર્ષણમાં ઉમેરો થશે.

બરડા ડુંગરની જંગલ સફારીનું ઉદ્દઘાટન ૨૯-૧૦-૨૦૨૪ ના શરૂ થયા પછી સફારી શિયાળાના સમયમાં સવારના ૬.૪૫ થી ૯.૪૫ તથા બપોરે ૩ થી ૬ અને ઉનાળાના સમયમાં સવારે ૬ થી ૯ અને બપોરે ૩ થી ૬ ચાલશે. ૧૬-જુનથી ૧૫ ઓક્ટોબર સફારી બંધ રહેશે. તથા ટિકિટ બુકીંગ ડ્યુટી નાકા, પોરબંદર - ભાણવડ રોડ પર રાણાવાવ પછી ઓફલાઈન બુકીંગ થશે. બરડા સફારી દર્શનમાં ૨૭ કિ.મી.નો રૂટ છે. જે કપૂરડી નાકાથી શરૂ થશે તથા ચારણુ આઈ બેરીવર, અજમાપાટ, ભુખબરા સુધી ૬ પેસેન્જરોની ઓપન જીપ્સીમાં ગાઈડ સાથે થશે. સફારી પરમીટ ફી રૂ. ૪૦૦, ગાઈડ ફી રૂ. ૪૦૦ તથા મારૂતિ જીપ્સી ફી રૂ. ૨૦૦૦ હજાર રખાઈ છે. જે ટિકિટ બુકીંગ કાઉન્ટર પરથી મળશે.

# રાજકોટથી ઈન્ટરનેશનલ ફ્લાઈટો શરૂ કરો

**■ સૌરાષ્ટ્રમાં ૧.૨૫ લાખ ઔદ્યોગિક એકમો, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દિલ્હી-મુંબઈની વહેલી સવારની ફ્લાઈટ શરૂ કરવા માંગ**




રાજકોટ, તા. ૨૯ઃ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારમાં રજૂઆત કરવામાં આવે છે. રાજકોટ તથા તેની આસપાસ આશરે ૧.૨૫ લાખથી વધુ ઔદ્યોગિક એકમો આવેલા છે. જેમાં અનેક પ્રોડકટનું ઉત્પાદન અને આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ પણ થઈ રહ્યું છે. રાજકોટ તથા આસપાસના શહેરો ઔદ્યોગિક હબ તરીકે જાણીતા હોવાથી આયાત-નિકાસ પણ દિન-પ્રતિદિન વધી રહ્યું હોય, જેથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે ત્યારે રાજકોટથી દુબઈ, સિંગાપોર, મલેશિયા તેમજ દિલ્હી અને મુંબઈની વહેલી સવારની ફ્લાઈટ શરૂ કરવા માટે માંગ કરાઈ છે.

**મહિને અંદાજે ૯૦ હજાર મુસાફરો મુસાફરી કરે છે**

ાલમાં રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૨ જેટલી ડોમેસ્ટીક ફ્લાઈટની ટ્રીપો ચાલી રહી છે તેમજ મહિને આશરે ૯૦ હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા છે ત્યારે આટલી ટ્રીપ ખુબ જ ઓછી ગણાય. ખાસ કરીને રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી બંને શહેરો ખાતે મુસાફરી કરનાર વર્ગ ખૂબ જ વધારે છે તો તેને ધ્યાનમાં રાખી રાજકોટ-દિલ્હી માટે સવારની ૬ વાગ્યે અને ૯ વાગ્યે દૈનિક ફ્લાઈટ તથા રાજકોટ-મુંબઈ માટે સવારની ૬ઃ૩૦ વાગ્યે અને રિટર્ન દૈનિક ફ્લાઈટ સાંજે ૮ વાગ્યાની તાત્કાલિક શરૂ કરવી ખૂબ જ જરૂરી છે.

જેથી, કરીને મુસાફરોને બિનજરૂરી રાત્રી રોકાણ ન કરવું પડે અને સમય તથા નાણાંનો વ્યય ન થાય ત્યારે રાજકોટ-દુબઈ, રાજકોટ-સિંગાપોર-મલેશીયા-બેંગકોક (ફાર ઈસ્ટ)ની ઈન્ટરનેશનલ ફ્લાઈટો તાત્કાલિક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા વિવિધ એરલાઈન્સ કંપનીઓ જેવી કે એર ઈન્ડીયા, ઈન્ડીગો, સ્પાઈસ જેટ, વિસ્તારા, એર એશીયા, એર ઈન્ડીયા એકસપ્રેસ, અકાસા, એલાઈન્સ એરને જણાવવામાં આવ્યું છે.

ભારતના ચૂંટણીપંચે તા.૧ જાન્યુઆરી, ૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કર્યો છે. રાજકોટના અધિક જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયા પ્રમાણે, સંકલિત મતદાર યાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ તા.૨૯ મી ઓક્ટોબરે થશે. એ પછી હક્ક-દાવા વાંધા અરજીઓ તા. ૨૯ ઓક્ટોબરથી ૨૮ મી નવેમ્બર દરમિયાન રજૂ કરી શકાશે. એ પછી ખાસ ઝુંબેશ તા.૧૭ નવેમ્બર ને રવિવાર, ૨૩ નવેમ્બર ને શનિવાર તથા ૨૪ નવેમ્બર ને રવિવારે યોજાશે.

# લાંચ કેસમાં આરોપી અનીલ મારૂની જામીન અરજી ના-મંજુર કરતી રાજકોટ સ્પેશ્યલ કોર્ટ

રાજકોટ, તા. ૨૯ઃ રાજકોટ મનપાના તત્કાલીન ચીફ ફાયર ઓફિસર અનીલકુમાર મારુ ફાયર ગયઈ માટે અરજદાર પાસે લાંચની માંગણી કરેલ હતી જે નક્કી થયા મુજબ મનપા કચેરી સ્થિત તેમની ઓફિસ ખાતે તેઓ રૂ.૧.૮૦ લાખની લાંચ લેતા ઝડપાઈ જતા એસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી જે ગુનાની ચાર્જશીટ રજૂ થતા આરોપી અનીલકુમાર મારુએ જામીન મેળવવા અરજી કરી હતી જો કે કોર્ટ દ્વારા



તેમની આ જામીન અરજી ના મંજુર કરી દેતા હવે તેમની મુશ્કેલીમાં વધારો થયો છે અને જેલવાસ લંબાયો છે.

રાજકોટ મનપાના તત્કાલીન ડિસ્ટ્રીક્ટ ફાયર ઓફીસર આરોપી અનીલકુમાર બેચરભાઈ મારૂ ગત તા.૧૨.૦૮.૨૦૨૪ના રોજ રૂ.૧.૮૦ લાખ લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ જતા આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હોય જેના વિરૂધ્ધ રાજકોટ શહેર એ.સી.બી.પોલીસે ચાર્જશીટ ભરી નામદાર સ્પેશ્યલ જજ સાહેબ, સેશન્સ કોર્ટ, રાજકોટમાં રજુ કરેલ હતું.

આરોપી અનિલ મારુએ ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલ હતી જે આરોપીની રેગ્યુલર જામીન અરજી અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ તૈયાર કરેલ સોગંદનામુ તેમજ તપાસ દરમ્યાન મેળવેલ પુરાવાના આધારે જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ મે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજની કોર્ટ, રાજકોટમાં દલીલ કરતા ટ્રેપની ગંભીરતાને ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી અનીલકુમાર બેચરભાઈ મારૂના રેગ્યુલર જામીન ના-મંજુર કરેલ છે.



તસવીરઃ આનંદ સોમૈયા

# મનપા દ્વારા રેસકોર્સ રિંગ રોડ પર આજે સાંજે ભવ્ય રંગોળી સ્પર્ધાનું આયોજન

## વિજેતાઓને ૧,૦૦૦થી ૫,૦૦૦ સુધીના ઇનામો અપાશે

રાજકોટ, તા. ૨૯ઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ-ચિત્રનગરીના સહયોગથી રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત આવતીકાલે તા. ૨૯ ઓકટોબરના સાંજે રેસકોર્સ ખાતે ભવ્ય રંગોળી સ્પર્ધા યોજાશે. જેમાં અવનવા સ્લોગન સાથેની ૨૫ તો ૫૦૦ વ્યક્તિગત રંગોળી તૈયાર કરવામાં આવશે. જેમાં સ્લોગન ગૃપ કેટેગરીમાં પ્રથમ ૫ને રૂપિયા ૫,૦૦૦ તો વ્યક્તિગત કેટેગરીમાં પ્રથમ ૧૧ને રૂપિયા ૫,૦૦૦ તો જ્યારે ૫૧ સ્પર્ધકોને રૂપિયા ૧,૦૦૦નો આશ્વાસન પુરસ્કાર એનાયત કરવામાં આવશે. વાદવિવાદ થાય તેવી રંગોળી બનાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. રાજકોટની જનતા ૨૯ ઓક્ટોબરના રાત્રે ૧૦ વાગ્યાથી ૩૧ ઓક્ટોબર સુધી રંગોળી નિહાળી શકશે. આ દરમિયાન તા. ૨૯ ઓક્ટોબરના મંગળવારના સાંજે ૫ કલાકથી રાત્રે ૮ કલાક સુધી બી.ટી. સવાણી કિડની હોસ્પીટલના સહયોગથી શહેરીજનોને ડાયાબિટીસ, બ્લડ પ્રેસર, હિમોગ્લોબીનની નિઃશુલ્ક તપાસ કરી આપવામાં આવનાર છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતુ કે, રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ વિખ્યાત છે. જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. વધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણ તા. ૨૭થી તા. ૩૧ ઓક્ટોબર દરમિયાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં એન્ટ્રી ગેઇટ, આકર્ષક થીમ બેઇઝડ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા,લેસર શો સહિતના આકર્ષણો છે.

રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અનુસંધાને તા. ૨૯ ઓક્ટોબરના સાંજે ૪ કલાકથી રેસકોર્ષ રિંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો રંગોળી તૈયાર કરશે. સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલી રંગોળી તા. ૨૯ ઓક્ટોબરના રાત્રે ૧૦ કલાકથી તા. ૩૧ ઓક્ટોબર સુધી શહેરીજનો નિહાળી શકશે. રંગોળી સ્પર્ધા ૨ કેટેગરીમાં યોજવામાં આવશે. જેમાં પ્રથમ કેટેગરી 'સ્લોગન ગૃપ' રંગોળી છે. જેમાં ૨૫ સ્પર્ધકોએ ભાગ લીધેલો છે જ્યારે વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં ૫૦૦ જેટલી નોંધણી થઈ છે.

આ વર્ષે રાજકોટમાં પ્રથમ વખત સ્લોગન ગ્રુપ રંગોળી રાખવામાં આવેલ છે. જેમાં સ્પર્ધકે રંગોળી સાથે રાજકોટ વિશે પોઝિટીવ સ્લોગન લખવાનું રહેશે. કુલ ૨૫ રંગોળી સ્લોગન સાથેની રહેશે. જેમાં પ્રથમ ૫ વિજેતાને રૂપિયા ૫,૦૦૦ ઈનામ તરીકે આપવામાં આવશે. આ રંગોળીની સાઈઝ ૫x૧૫ ફૂટ રહેશે. આ ઉપરાંત ૫૦૦ રંગોળી વ્યક્તિગત સ્પર્ધાની રહેશે જેની સાઈઝ ૫x૫ ફૂટ રહેશે. આ સ્પર્ધામાં પ્રથમ ૧૧ને રૂપિયા ૫,૦૦૦ ઈનામ તરીકે આપવામાં આવશે. આ ઉપરાંત ૫૧ સ્પર્ધકને રૂપિયા ૧,૦૦૦ આશ્વાસન ઈનામ આપવામાં આવશે.

સ્પર્ધાના નિયમો પર નજર કરીએ તો સ્લોગન ગૃપ રંગોળીમાં રાજકોટ વિશે પોઝિટીવ સ્લોગન સાથે રંગોળી કરવામાં આવશે. દા.ત. રંગીલું રાજકોટ, રિંગ રોડ રાજકોટની શાન વગેરે. ૫૦% માર્ક સ્લોગન અને ૫૦% માર્ક રંગોળીના રહેશે. રંગોળીની સાઈઝ ૫x૧૫ ફૂટની રહેશે. ત્રણ વ્યક્તિ સાથે મળીને રંગોળી બનાવી શકશે. જ્યારે વ્યક્તિગત રંગોળીની ૫x૫ ફુટની સાઈઝ રહેશે. જેમાં કુલ ૮ કલર લાલ, પીળો, કાળો, લીલો, કેસરી, સફેદ, ડાર્ક બ્લૂ અને સ્કીન કલર આપવામાં આવશે. સ્પર્ધક કોઈ પણ થીમ પર રંગોળી બનાવી શકશે.

# સોનું રૂ.૪૮૦ વધી રૂ.૭૮,૪૯૫ થયુ, ચાંદી રૂ.૯૬,૫૫૨ પ્રતિ કિલોના ભાવ




નવી દિલ્હીઃ ધનતેરસ પહેલા આજે એટલે કે ૨૮મી ઓક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં તેજી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન ()ના ડેટા મુજબ, ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂપિયા ૪૮૦ વધીને રૂપિયા ૭૮,૪૯૫ થયો છે. અગાઉ સોનું ૭૮,૦૧૫ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતું.

તેમજ, ચાંદીની કિંમતમાં પણ ૭૫૨ રૂપિયાનો વધારો થયો છે અને તે ૯૬,૫૫૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે પહોંચી ગઈ છે. અગાઉ ચાંદીનો ભાવ રૂ.૯૫,૮૦૦ હતો. આ જ મહિનામાં ૨૩ ઓક્ટોબરે સોનું રૂ. ૭૮,૭૦૩ અને ચાંદી રૂ. ૯૯,૧૫૧ ઓલ ટાઈમ હાઈ પર હતું.

દિલ્હી ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૩૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૯૫૦ રૂપિયા છે. મુંબઈ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૧૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૮૦૦ રૂપિયા છે. કોલકાતા ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૧૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૯,૮૦૦ રૂપિયા છે.ચેન્નાઈ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૧૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૮૦૦ રૂપિયા છે.ભોપાલ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૨૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૮૫૦ રૂપિયા છે. ચાંદીની કિંમત ૧ જાન્યુઆરી ૬૩,૩૫૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ૭૩,૩૯૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ ૨૮ ઓક્ટોબર ૭૮,૪૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ૯૬,૫૫૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સંદર્ભ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસો વર્ષના અંત સુધીમાં સોનું ૭૯ હજાર રૂપિયા સુધી જઈ શકે છે

એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સી હેડ અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર, ભૌગોલિક રાજકીય તણાવ અને તહેવારોની સિઝનના કારણે સોનામાં સેજી જોવા મળી રહી છે. જેના કારણે આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૭૯ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. સાથે જ ચાંદી પણ ૧ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ () ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર ૬ અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું છે - ૪૫૨૪. હોલમાર્કિંગ દ્વારા એ જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટનું છે.

બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેની કિંમત ક્રોસ-ચેક કરો. સોનાની કિંમત ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ પ્રમાણે બદલાય છે. ૨૪ કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ તેમાંથી જ્વેલરી બનાવવામાં આવતી નથી કારણ કે તે ખૂબ જ નરમ હોય છે.

## શિવકાશી ફટાકડા ઉત્પાદનના ૫૦૦૦ કરોડના હબમાં આ વર્ષે૧૫% સુધી ઓછા ઓર્ડર આવ્યા



નવી દિલ્હીઃ દેશના સૌથી મોટા ફટાકડા ઉત્પાદન કેન્દ્ર તમિલનાડુના શિવકાશીમાં આ વખતે એવી કોઈ હલચલ નથી, જેવી દિવાળી પહેલાં થતી હતી. દેશના ૮૫% ફટાકડા અહીં બનાવવામાં આવે છે, પરંતુ કોવિડ પછી પણ ફટાકડા ઉત્પાદકો ૨૦૧૯ પહેલાં જે ઓર્ડર મેળવતા હતા તે સ્તર સુધી પહોંચી શક્યા નથી. ગયા વર્ષની સરખામણીમાં અહીં આ વખતે ઓર્ડર ૧૫% ઓછા છે અને ઉત્પાદન 30% ઓછું છે. આનું કારણ જણાવતાં ભારતીય ફટાકડા ઉત્પાદક સંઘના પ્રમુખ એસ. શ્રીરામ અશોકનું કહેવું છે કે ગ્રીન ફટાકડા અંગે ૨૦૧૮માં આપેલા સુપ્રીમકોર્ટના આદેશ અને દિલ્હીમાં દર વર્ષે લાદવામાં આવતા પ્રતિબંધને કારણે અસલ ફટાકડાનું આખું બજાર નીચે આવી ગયું છે. ફટાકડાના ઉત્પાદનમાં ચીન પછી ભારત બીજા ક્રમે છે.

આમાં ૯૦% યોગદાન ચેન્નાઈથી ૫૦૦ કિમી દૂર આવેલા નાના શહેર શિવકાશીનું છે. અહીંનો ફટાકડા ઉદ્યોગ ૩ થી ૫ લાખ લોકોનું ભરણપોષણ કરે છે, પરંતુ જે ઝડપે ઓર્ડરો ઘટી રહ્યા છે તે ચિંતાજનક છે. તમિલનાડુના વિરુધનગર જિલ્લામાં ૧૧૭૫ ફટાકડા ઉત્પાદકો છે. તેમાં શિવકાશી પણ સામેલ છે. તેમની 300થી વધુ ફેક્ટરીઓમાં ફટાકડા બનાવવામાં આવે છે. ૨૦૧૮માં ૭૦૦ ફેક્ટરીઓ હતી. ગયા વર્ષે રૂ. ૪-૫ હજાર કરોડની આસપાસ કમાણી થઇ હતી. આ વખતે ઉત્પાદન અને ઓર્ડર પણ ઓછા છે, તેથી રૂ. ૩ હજાર કરોડની કમાણી થવાની અપેક્ષા છે. શિવકાશી ફટાકડા ઉત્પાદક સંઘના મુરલી અસાઈથામ્બીના જણાવ્યા અનુસાર સુપ્રીમકોર્ટના આદેશ પછી, દરેક ઉત્પાદકનું ધ્યાન ગ્રીન ફટાકડા પર છે, પરંતુ ગેરકાયદે ફટાકડા ઉત્પાદકો ઘણા વધી ગયા છે તેથી માગ તેમની પાસે જઈ રહી છે.

ઑનલાઇન ઠગાઇ વધી, જેટલાનો ઓર્ડર, તેનાથી ઓછા ફટાકડા મોકલી રહ્યા છે પેથુલુપટ્ટીના વેપારી એસ. મુરુગેસને જણાવ્યું કે ઘણી વેબસાઈટ શિવકાશી ફટાકડાના નામે ફટાકડા વેચી રહી છે. ગત વર્ષે ચેન્નાઈ અને કોઈમ્બતુરના અમારા જૂના ગ્રાહકોએ રૂ. ૧૦થી ૫૦ હજાર સુધીના ઓર્ડર આપ્યા હતા,

## સિંઘમ અગેઈનમાં પણ રામાયણ આધારિત જ સ્ટોરી હશે



મુંબઈઃ બોલીવૂડમાં રામાયણ આધારિત ફિલ્મોનો ક્રેઝ ચાલ્યો હોય તેમ 'સિંઘમ અગેઈન' ફિલ્મ પણ રામાયણનાં કથાનક પર આધારિત સ્ટોરી ધરાવતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

કેટલાક ફિલ્મ સમીક્ષકોએ ડર વ્યક્ત કર્યો છે કે બોલીવૂડમાં રામાયણ આધારિત સ્ટોરીઓનો ઓવરડોઝ થઈ રહ્યો છે અને તેને હેન્ડલ કરવામાં સ્હેજ પણ ગફલત થાય તો 'આદિપુરુષ' જેવા વિવાદો થઈ શકે છે.

'સિંઘમ અગેઈન'ની સ્ટોરી એવી છે કે અજય દેવગણની પત્ની કરીના કપૂરને વિલન અર્જુન કપૂર ઉઠાવી જાય છે. અજય અન્ય કોપ્સની મદદથી તેને છોડાવવા જાય છે. તેમાં રણવીર કપૂરનું પાત્ર રામાયણમાં હનુમાનજીના રોલને મળતું આવે છે. અક્ષય કુમારના રોલમાં દર્શકોને જટાયુની ઝલક દેખાઈ શકે છે. છેલ્લા કેટલાય સમયથી બોલીવૂડમાં રામાયણ એન્ગલ પર ફિલ્મોની વણઝાર ચાલી છે. નિતેશ તિવારી રણબીર કપૂરને લઈને 'રામાયણ' બનાવી રહ્યા છે. આ પહેલાં પ્રભાસ અને ક્રિતી સેનનની 'આદિપુરુષ' પણ રામાયણ આધારિત હતી અને તેમાં સૈફ અલી ખાનના લૂક્સ તથા ભંગાર વીએફએક્સને કારણે ભારે ટીકાઓ થઈ હતી. અક્ષય કુમારની 'રામસેતુ' માં પણ રામાયણની થીમ હતી. જુનિયર એનટીઆર તથા રામચરણની ફિલ્મ 'રામસેતુ'માં પણ છેલ્લે રામાયણનો એંગલ અપાયો હતો.

# સેન્સેક્સ ૬૦૨ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦,૦૦૫ પર બંધઃ નિફ્ટી પણ ૧૮૬ પોઈન્ટ ઉછળ્યો

મુંબઈઃ આજે ૨૮ ઓક્ટોબરે સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૬૦૨ પોઈન્ટના વધારા સાથે ૮૦,૦૦૫ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૧૮૬ પોઈન્ટ વધીને ૨૪,૩૬૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૫ પોઈન્ટ વધ્યા અને ૫ ઘટ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૬ ઉપર અને ૧૪ ડાઉન હતા. ના તમામ સેક્ટર જોરદાર બંધ થયા છે. જાહેર ક્ષેત્રની બેંકોના શેરમાં સૌથી વધુ વધારો થયો હતો.

વારી એનર્જીના શેર પર ૬૬.૩% વધીને ૨,૫૦૦ પર અને પર ૬૯.૭% વધીને ૨,૫૫૦ પર લિસ્ટ થયા હતા. તેની ઈશ્યૂ કિંમત ૧,૫૦૩ રૂપિયા હતી. દીપક બિલ્ડર્સનો શેર પર ૧.૪૮% ઘટીને ૨૦૦ પર અને પર ૨.૨૨% ઘટીને ૧૯૮.૫ પર લિસ્ટ થયો હતો. તેની ઈશ્યૂ કિંમત ૨૦૩ રૂપિયા હતી.



આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર એક્સ-ડિવિડન્ડનું ટ્રેડિંગ કરી રહ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વાર્ષિક સામાન્ય સભામાં ચેરમેન મુકેશ અંબાણીએ શેરધારકોને તેમના દરેક શેર માટે એક શેર બોનસ આપવાની જાહેરાત કરી હતી.

બોનસ પછી, આજે શેર રૂ. ૧,૩૩૦ના એડજસ્ટેડ ભાવે નજીવા વધારા સાથે ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા ટ્રેડિંગ દિવસે કંપનીના શેર રૂ. ૨,૬૫૬.૩૦ પર બંધ થયા હતા. છેલ્લા એક મહિનામાં ના શેરમાં ૧૦%નો ઘટાડો થયો છે. એશિયાઈ બજારમાં જાપાનના નિક્કેઈમાં ૧.૪૫%ની તેજી છે. ત્યાં જ, કોરિયાના કોસ્પીમાં ૦.૮૫% અને ચીનના શંઘાઈ કમ્પોઝિટમાં ૦.૧૬%ની તેજી જોવા મળી રહી છે.

૨૫ ઓક્ટોબરના રોજ અમેરિકાના ડાઓ જોન્સ ૦.૬૧% ઘટીને ૪૨,૧૧૪ પર અને ૫૦૦ 0.03% વધીને ૫,૮૦૮ પર બંધ થયો. નેસ્ડેક ૦.૫૬% વધીને ૧૮,૫૧૮ પર બંધ થયો. ના ડેટા પ્રમાણે, વિદેશી રોકાણકારો() એ ૨૫ ઓક્ટોબરે ૩,૦૩૬ કરોડના શેર વેચ્યા. આ દરમિયાન ઘરેલૂ રોકાણકારો ()એ ૪,૧૫૯ કરોડના શેર ખરીદ્યા.જ્યારે નિફ્ટી-૫૦ની વાત કરીએ તો તેનું અગાઉ શુક્રવારનું ક્લોઝિંગ ૨૪૧૮૦ પર રહ્યું હતું અને આજે સોમવારે ફરી એકવાર નિફ્ટીએ તેજી બતાવી અને ૨૪૪૪૦ના હાઈલેવલને સ્પર્શ કર્યું હતું. નિફ્ટીમાં અત્યાર સુધી ૨૫૦થી વધુ પોઈન્ટની તેજી જોવા મળી છે.

## ખરાબ ત્રિમાસિક પરિણામો બાદ ઈન્ડિગોનો શેર ૮% ઘટ્યો

### આ વર્ષે ૩૫% વળતર આપ્યું, FY25 Q2 માં કંપનીને ૯૮૭ કરોડનું નુકસાન થયું



મુંબઈઃ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બીજા ક્વાર્ટરના પરિણામો પછી, ઓછી કિંમતની એરલાઇન ઇન્ડિગોનું સંચાલન કરતી કંપની ઇન્ટરગ્લોબ એવિએશનના શેરમાં ૮%થી વધુનો ઘટાડો જોવા મળી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બીજા ક્વાર્ટરમાં કંપનીને ૯૮૬.૭૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક ગાળામાં (૨૨૪) કંપનીએ રૂ. ૧૮૮.૯ કરોડનો ચોખ્ખો નફો (એકત્રિત ચોખ્ખો નફો) કર્યો હતો. જુલાઈ-સપ્ટેમ્બરમાં ઈન્ડિગોની કામગીરીમાંથી એકીકૃત આવક વાર્ષિક ધોરણે ૧૩.૫૫% વધીને રૂ. ૧૬,૯૬૯.૬ કરોડ થઈ છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં એટલે કે ૨૪ ના બીજા ક્વાર્ટરમાં, કંપનીની આવક ૧૪,૯૪૩.૯ કરોડ રૂપિયા હતી.

છેલ્લા ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલ-જૂન દરમિયાન કંપનીએ કામગીરીમાંથી રૂ. ૧૯,૫૭૧ કરોડની આવક મેળવી હતી. વર્તમાન ક્વાર્ટર (૨)માં ૧૩.૨૯%નો ઘટાડો થયો છે. તે જ સમયે, છેલ્લા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૨,૭૨૯ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો.

ઈન્ડિગોનું સંચાલન કરતી કંપની ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર હાલમાં ૮.૪૪%ના ઘટાડા સાથે રૂ. ૩,૯૯૭ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. તેના શેરે છેલ્લા ૧ મહિનામાં ૧૬.૪૫%નું નેગેટિવ રિટર્ન આપ્યું છે. તે જ સમયે, શેરે છેલ્લા ૬ મહિનામાં માત્ર ૧.૮૪%નું સકારાત્મક વળતર આપ્યું છે. જો કે, આ વર્ષે અત્યાર સુધીમાં સ્ટોક લગભગ ૩૫% વધ્યો છે.

ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર ૮.૪૪%ના ઘટાડા સાથે રૂ. ૩,૯૯૭ પર ટ્રેડ થઈ રહ્યો છે.ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર ૮.૪૪%ના ઘટાડા સાથે રૂ. ૩,૯૯૭ પર ટ્રેડ થઈ રહ્યો છે. બીજા ક્વાર્ટરમાં નુકસાનના ત્રણ કારણો એરપોર્ટ ફીમાં ૪૧% વધારો, પૂરક ભાડામાં ૨૯.૬% વધારો, સમારકામ અને જાળવણીમાં ૧૨.૮% વધારો અને .જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૪માં એરક્રાફ્ટ ઇંધણની કિંમત ૯૬,૧૪૮.૩૮/૧૦૦૦ લિટર હતી, ૨૦૨૩માં તે ૯૦,૭૭૯.૮૮/૧૦૦૦ લિટર હતી. ઈન્ડિગોની પ્રતિ પેસેન્જર કમાણી જૂન ક્વાર્ટરમાં રૂ. ૫.૨૪થી ઘટીને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૪.૫૫ થઈ ગઈ છે.

## જર્મનીની કંપનીઓ ચીનમાંથી ફેક્ટરીઓ ભારતમાં શિફ્ટ કરશે

નવી દિલ્હીઃ જર્મનીને આશા છે કે ભારતમાં ઉત્પાદન વધારવાથી ચીન પર તેની નિર્ભરતા ઘટશે, ભલે ભારત નવું ચીન ન બની શકે. ૬ વર્ષમાં જર્મન કંપનીઓનું ભારતમાં રોકાણ ૪.૫ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. જે અત્યારથી બમણું છે. કારથી લઈને લૉજિસ્ટિક્સ સુધી, જર્મન કંપનીઓને ભારતના ઝડપી આર્થિક વિકાસની સંભાવનાઓથી મોટી આશા છે. જર્મની ભારતના કુશળ યુવાઓની વિશાળ વસ્તી, ઓછા ખર્ચ તેમજ અંદાજે ૭% આર્થિક વૃદ્ધિનો ફાયદો ઉઠાવવા માંગે છે.



જર્મન ચાન્સેલર શૉલ્ત્સ એવા સમયે ભારત આવ્યા છે જ્યારે જર્મનીનું નિકાસ આધારિત અર્થતંત્ર સતત બીજા વર્ષે મંદીનો સામનો કરી રહ્યું છે. જર્મન ચેમ્બર ઑફ કોમર્સ ના વિદેશી વેપાર પ્રમુખ વોલ્કર ટ્રાયરે કહ્યું કે ૨૦૨૨માં ભારતમાં જર્મનીનું પ્રત્યક્ષ રોકાણ ૨૭ અબજ (રૂ.૨.૨૭ લાખ કરોડ) હતું.૫૯% જર્મન કંપનીઓની ઝડપી વિસ્તરણની યોજનાઃ ભારતનું માર્કેટ મોટું છે. વિશ્વમાં આર્થિક વિકાસદર સૌથી વધુ છે, શ્રમિકોની અછત નથી, ઉત્પાદન ખર્ચ પણ યુરોપ કરતાં ઓછો છે.૮૨% જર્મન કંપનીઓને આશા છે કે આગામી પાંચ વર્ષમાં ભારતમાં તેની આવક તેજીથી વધશે. આ ગ્રોથ યુરોપ અને ચીન કરતાં વધુ હશે.


વધાઈ...
વધાઈ...
વધાઈ...
॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવલ્લભઃ ॥
॥ શ્રીવ્રજચંદ્ર રસિકપ્રીતમૌ વિજયેતે ॥
अमंगलानां शमनं मंगलानां महोदयम्
गोपाङ्गनानां सौभाग्यं श्री व्रजेन्दं वयं नमः ॥
શ્રીવિરાટ વાજપેય મહાસોમયજ્ઞ મહોત્સવ
-:: શ્રીવિષ્ણુ ગોપાલ યજ્ઞ ::-
-:: શ્રી...ના વિવિધ મનોરથો ::-
અનંતશ્રી વિભૂષિત સાગ્નિચિત દીક્ષીત નિત્ય અગ્નિહોત્રી વાજપેયી
પ.પૂ.ગો.૧૦૦૮ શ્રી રઘુનાથજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. દિક્ષીત પત્ની શ્રી જાનકી વહુજી
ઉદીયમાન આચાર્ય ચિ.ગો.શ્રી ગિરધરબાવા, ઉદીયમાન આચાર્ય ચિ. ગો.શ્રી ગોવિંદબાવા
(વિરમગામ-જૂનાગઢ-અમદાવાદ-કામવન)
રાજકોટની પાવનભૂમિ ઉપર જ્ઞાન-કર્મ-ભક્તિના સમન્વયરૂપ શ્રીવિરાટ વાજપેય મહાસોમયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. સર્વે વૈષ્ણવોને લાભ લેવા વિનંતી...
તા. ૨૨-૧૧-૨૦૨૪ થી તા. ૨૭-૧૧-૨૦૨૪ । સમય : સવારે ૮-૦૦ થી રાત્રે ૯-૦૦ પર્યંત
સ્થળ : ત્રીકોણબાગ, શાસ્ત્રીમેદાન, રાજકોટ.
કાર્યાલય સ્થળ : ૧-પારસમણી કોમ્પલેક્ષ, રાજમંદિર કોલ્ડ્રીંકસ પાસે, પેલેસ રોડ, રાજકોટ.
વધુ માહિતી માટે સંપર્ક સુત્ર
વ્રજેશભાઈ આડેસરા ૮૯૮૦૭ ૩૨૧૩૧
અજયભાઈ ફીચડીયા ૮૭૩૪૯ ૩૨૪૩૨
વિરેનભાઈ પારેખ ૯૪૨૮૨ ૦૩૮૫૫
કમલેશભાઈ ધોળકીયા ૮૦૦૦૬ ૦૮૮૮૦
વિનુભાઈ વઢવાણા ૯૪૨૬૨ ૫૧૧૧૭
અશોકભાઈ પાટડીયા ૯૫૫૮૧ ૫૬૯૦૪
વિજયભાઈ પાટડીઆ ૯૮૨૪૨ ૪૮૩૮૮
નિતીનભાઈ (બહેરીન) ૯૭૩૭૩ ૮૪૨૮૨
રાજુભાઈ કાત્રોડીયા ૯૪૨૭૨ ૨૧૮૯૭
ભરતભાઈ માંડલીયા ૯૯૨૫૪ ૯૧૯૯૬
જસુભાઈ ફીચડીયા ૯૪૨૮૨ ૭૬૬૬૦
જીજ્ઞેશભાઈ ફીચડીયા ૯૪૨૮૨ ૭૦૩૨૫
ચંદ્રેશભાઈ પાટડીયા ૯૬૬૨૮ ૯૯૦૧૧


ॐ ह्रीं ભવાન્યૈ નમઃ
શ્રી ગણેશાય નમઃ
શ્રી કાલભૈરવાય નમઃ
શ્રી જીલેશ્વર મહાદેવ
શ્રી આદિનાથાય વિજયતે
॥ પધારોસા ॥
યજ્ઞ ભારત
શ્રી કાલભૈંરવ મહાયજ્ઞ
તા. ૩૧/૧૦/૨૦૨૪ ગુરૂવાર (કાળી ચૌદશ)
માનનીય શ્રી,
॥ દિવ્ય પ્રેરણા ॥
પ.પૂ. શ્રી રાષ્ટ્રીય સંત શ્રી બજરંગદાસ બાપા (બગદાણા)
સહર્ષ જણાવતા આનંદ થાય છે કે શ્રી કાલભૈરવ મહારાજની
અસીમ કૃપાથી ગુજરાતના લોક કલ્યાણ અર્થે ભારત દેશની સુરક્ષા અને
સમગ્ર રાષ્ટ્રની ચેતના અર્થે તેમજ ભારતના વીર ફોજી જવાનોની
ઉર્જા શકિત માટે અમારા પરિવાર તરફથી પરંપરાગત પ્રતિવર્ષ
મુજબ શ્રી કાલભૈરવ મહાયજ્ઞનું આયોજન
કાળી ચૌદશ (કાલ રાત્રી) તા. ૩૧/૧૦/૨૦૨૪ના ગુરૂવાર
સવારના ૭ થી રાત્રીના ૧૨ સુધી રાખેલ છે.
આપશ્રીને મહા પ્રસાદ તેમજ યજ્ઞ દર્શનનો લાભ લેવા
ભાવભર્યું નિમંત્રણ
॥ કાર્યક્રમ ॥
યજ્ઞ પ્રારંભ પૂર્ણાહુતિ : સવારના ૭ થી રાત્રીના ૧૨ કલાકે પૂર્ણાહૂતિ
ધજા આરોહણ : સવારના ૭ કલાકે.
મહા ભોગ : રાત્રીના ૮ કલાકે.
શણગાર દર્શન : બપોરે ૪ કલાકે.
મહા આરતી : સાંજના ૬-૩૦ કલાકે.
એક વસ્ત્ર કાળા કલરનું ખાસ પહેરવા સુચન
॥ નિમંત્રક ॥
શ્રી આચાર્ય શ્રી રમેશભાઇ શુકલ
શ્રી પ્રણવ રમેશભાઇ શુકલ
શ્રી હર્ષ રમેશભાઇ શુકલ
સંપર્ક : મો. 94264 68836
94295 06535 / 96249 79191
સ્થળ : શ્રી શ્રી કાલભૈરવ પીઠ, ભૈરવનાથ મંદિર પાછળ,
પાલીતાણા. જી. ભાવનગર
આદેશ
nilam - 8849141278




Magnificent
4 BHK Flats & Penthouses

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

## PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062